RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 149* Date: 28.03.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આરબીઆઈનો ઈકોનોમી બૂસ્ટર ડોઝ, રેપો રેટમાં ૦.૭૫ ટકાનો ઘટાડો


# કોરોના લૉકડાઉનઃ ત્રણ મહિના સુધી લોનના હપ્તામાંથી મુક્તિ

**બેંકોને ૧.૩૭ લાખ કરોડની વધારાની રોકડ (સીઆરઆર) મળશે,જુન સુધી જો કોઈ હપ્તા નહિ ભારે તો તે લોન ડિફોલ્ટ ગણાશે નહિ,બેંકોને વર્કિંગ કેપિટલની ચુકવણી પર વ્યાજ મોકૂફ રાખવાની મંજુરી**

*મુંબઈ,તા.૨૭*

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાઈરસથી ભારતને બચાવવા શરૂ થયેલા ૨૧ દિવસના લોકડાઉન અને સંભવતઃ તેમાં હજુ વધારો થુવાની શક્યતાને જોતાં ગઈકાલે ગુરૂવારે મોદી સરકારે ગરીબ, ખેડૂત , મજૂર, મહિલા, વૃદ્ધા, વિધવા અને દિવ્યાંગો માટે રૂ. ૧.૭૦ લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત કર્યા બાદ આજે દેશની મધ્યસ્થ બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(આરબીઆઈ) દ્વારા પણ સામાન્ય બેંક લોન પરના વ્યાજદરને ઘટાડવામાં બેંકોને મદદ કરવા રેપોરેટમાં ૦.૭૫ બેસીસ ટકાનો ઘટાડો કરાયો હતો. રેપો રેટ પહેલા ૫.૧૫ ટકા હતો, હવે તે ઘટીને ૪.૪૦ ટકા થઈ ગયો છે. આ જાહેરાતના પગલે શેરબજારમાં ઉછાળો આવ્યો હતો. કોરોનાવાઈરસના કારણે દેશમાં ચાલી રહેલા લોકડાઉનથી અર્થવ્યવસ્થા અને જનજીવન વ્યાપક પ્રમાણમાં પ્રભાવિત થઈ રહ્યું છે.

જણાવીએ કે રેપો રેટ એ હોય છે જેના પર આરબીઆઈ



બેંકોને લોન આપે છે માટે રેપો રેટમાં ઘટાડો થવાથી બેંકોને લોન સસ્તામાં મળશે અને તેના કારણે લોન લેનાર લોકોની ઈએમઆઈ પણ સસ્તી થવાની પૂરી શક્યતા છે.

ઉપરાંત આરબીઆઈએ રિવર્સ રેપો રેટમાં પણ ૯૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે જે હવે ૪.૯ ટકાથી ઘટીને ૪ ટકા થઈ જશે.

ઉપરાંત આરબીઆઈએ તમામ બેંકોને કેશ રિઝર્વ રેશિયો પણ એક ટકા એટલે કે ૧૦૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૩ ટકા કરી દીધો છે. હવે આ પૂરા એક વર્ષ માટે ૪ ટકાની જગ્યાએ ૩ ટકા હશે. કેશ રિઝર્વ રેશિયો અંતર્ગત બેંક પોતાની જમા કેટલાક ટકા રકમ આરબીઆઈ પાસે રાખી શકે છે. તેમાં ઘટાડો થવાથી બેંકોની પાસે ૧.૩૭ લાખ કરોડ રૂપિયાની રકમ બેંકોમાં મળી જશે.

આરબીઆઈએ તમામ બેંકોને સલાહ આપી છે કે તે ગ્રાહકો પાસેથી ત્રણ મહિના માટે ઈએમઆઈ લેવાનું ટાળવામાં આવે. કહેવાય છે કે આરબીઆઈની આ એડવાઈઝરીને કારણે બેંક પોતાના ગ્રાહકોને ઈએમઆઈના મોર્ચે કેટલીક રાહત આપી શકે છે. જોકે એ સ્પષ્ટ છે કે તેને લઈને આરબીઆઈએ નિર્ણય બેંકો પર છોડ્યો છે.

આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, ભારતની અર્થવ્યવસ્થા પર કોરોના મહામારીની અસર પડી શકે છે અને દેશના અનેક સેક્ટર પર તેની નેગેટિવ અસર પડશે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ મંદી આવી શકે છે અને તેના કારણે આર્થિક સ્થિરતા પ્રભાવિત થઈ શકે છે.

આરબીઆઈએ કહ્યું કે, તેનું ફોકસ આર્થિક સ્થિરતા પર છે અને વિશ્વના અનેક દેશ કોરોના વાયરસની મહામારી સામે લડી રહ્યા છે. ભારતમાં લોકડાઉનને કારણે આર્થિક ગતિવિધિઓ ઠપ્પ થઈ ગઈ છે પરંતુ આરબીઆઈનું ધ્યાન લોકોને રાહત આપવા પર છે માટે આરબીઆઈએ મોટો નિર્ણય કર્યો છે.

### વિશ્વમાં વાયરસથી સંક્રમિત લોકો અમેરિકામાં સૌથી વધુ ૮૩૦૦૦

# અમેરિકામાં કોરોના વાયરસનો હાહાકારઃ ૧૩૦૦થી વધુના મોત

વોશિંગ્ટન,તા.૨૭

વિશ્વના ૧૯૯ દેશો કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા છે. જેને પગલે ૨૦૦ કરોડો લોકો ઘરમાં બંધ છે. ૨ ડઝનથી વધારે દેશોમાં સંપૂર્ણ લોકડાઉન છે. જેને પગલે વૈશ્વિક અર્થ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ત્યારે મહાસત્તા ગણાતું અમેરિકા કોરોનાના કેસને પગલે ચીન અને ઈટલીને પછાડી આગળ વધી ગયું છે. અમેરિકામાં ૪૮થી પણ ઓછા કલાકોમાં ૧૭ હજારથી પણ વધારે કોરોના વાયરસના કેસ નોંધાયા છે. અમેરિકાનો આંકડો ચિંતાજનક છે. ઈટલી પ્રથમ નંબરેથી કેમ ત્રીજા નંબરે આવી ગયું. પ્રથમ નંબરે રહેલ ચીન કેમ બીજા નંબર પર આવી ગયું.



અમેરિકામાં હાલ કોરોનાના દર્દીઓનો આંક ૮૫, ૪૩૫ કુલ પહોંચ્યો છે. જ્યારે ૧૩૦૦ લોકોના મોત નિપજ્યા છે. તો ૮૨, ૨૭૨ એક્ટિવ કેસ છે. ત્યારે આ બાબત ગંભીરતા ન દાખવનાર અમેરિકાએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે. ત્યારે ઈમરજન્સીની જાહેરાત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ફેડરલ ફંડમાં ૫૦ અબજ ડૉલરની જાહેરાત કરાયી ચૂકી છે. તેમજ હવે તેમણે ટેસ્ટની કામગીરી ઝડપી કરી છે. અત્યાર સુધી અમેરિકાએ કોરોનાને રોકવા બહું ધીમી ગતિએ કામ કર્યુ છે. અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોના વાયરસ ૧૭ હજાર કરતા પણ વધારે કેસ નોંધાયા છે. આ સાથે જ અમેરિકા ત્રીજા નંબર પરથી પહેલા નંબર પર આવી ગયું છે. ૩થી ૪ દિવસમાં અમેરિકામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૪ માર્ચના રોજ અમેરિકામાં માત્ર ૧૪ ૩૨૧ કેસ નોંધાયા હતા. તેણે પોતાના બે સિટી લોકડાઉન કર્યા હતા. આજે અમેરિકાની બેદરકારીને લીધે વિશ્વના સૌથી વધારે કોરોનાના દર્દીઓ અમેરિકામાં છે. અમેરિકામાં ૨૪ કલાક પહેલા ૬૦,૬૫૩ જેટલા કેસ હતા. જેમાં રાતો રાત અધધ વધારો થયો છે. ૧૭ હજારથી પણ વધારે કેસ નોંધાતા અમેરિકામાં હાલ કોરોનાના દર્દીઓનો આંક ૮૫, ૪૩૫ કુલ પહોંચ્યો છે. જ્યારે ૧૨૯૫ લોકોના મોત નિપજ્યા છે. તો ૮૨, ૨૭૨ એક્ટિવ કેસ છે. જેની સરખામણીએ ૧૮૬૮ લોકો સાજા થયા છે. પ્રથમ નંબરે રહેલી ઈટલીની વાત કરીએ તો ઈટલીમાં કુલ ૮૦૫૮૯ કેસ નોંધાયા છે. ૮,૨૧૫ના મોત નિપજ્યા છે. જ્યારે અહીં ૬૨૦૧૩ એક્ટિવ કેસ છે. તેની સરખામણીએ ૧૦, ૩૬૧ લોકો સાજા થયા છે. પ્રથમ નંબરે રહેતુ ઈટલી આજે ત્રીજા નંબરે છે. જ્યારે એપી સેન્ટર ગણાતુ ચીન બીજા નંબરે છે. ચીનનો આંક જોઈએ તો ૮૧, ૩૪૦ એક્ટિવ કેસ છે.

### વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી શોક વ્યક્ત કર્યો

# બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય પ્રમુખ રાજયોગિની દાદી જાનકીનું નિધન

માઉન્ટ આબુ,તા.૨૭

આધ્યાત્મિક સંસ્થા બ્રહ્માકુમારીઝનાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી જાનકીનું શુક્રવાર, ૨૭ માર્ચે બ્રહ્મમુહૂર્તમાં વહેલી સવારે સવા બે વાગ્યે નિધન થયું છે. તેઓ ૧૦૪ વર્ષનાં હતાં. એમનાં ટ્વિટર હેન્ડલ પર આ સમાચારની જાણકારી આપવામાં આવી હતી.

આ સમાચારને પગલે દેશ-વિદેશમાં પ્રસરેલા બ્રહ્માકુમારી સંસ્થાનાં લાખો અનુયાયીઓમાં શોકની લાગણી ફરી વળી છે.

દાદી જાનકીએ માઉન્ટ આબુની ગ્લોબલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો હતો. રાજયોગિની દાદી જાનકી કેન્દ્ર સરકારની સ્વચ્છ ભારત ઝુંબેશનાં બ્રાન્ડ એમ્બેસેડર હતાં.

રાજયોગિની દાદી જાનકીના નિધન પર પીએમ મોદીએ ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં કહ્યું છે કે બ્રહ્મા કુમારીના પ્રમુખ રાજયોગિની દાદી જાનકી જી એ પરિશ્રમની સાથે સમજાની સેવા કરી. તેઓ બીજાના જીવનમાં સકારાત્મક અંતર લાવવા માટે સૌથી ઉપર હતા. મહિલાઓને સશકત બનાવાની દિશામાં તેમના પ્રયાસ ઉલ્લેખનીય હતા. આ દુઃખની ઘડીમાં મારા વિચાર તેમના અનગણિત અનુયાયીઓની સાથે છે. ઓમ શાંતિ.

### કર્ણાટકમાં કોરોના સંક્રમિતથી વધુ એક મોત

# ભારતમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૭૨૬ થઈ, ૧૯ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૭

કોરોના વાયરસથી મૃત્યુ પામનારાઓનો આંકડો વધતો જઇ રહ્યો છે. રાજસ્થાનના ભીલવાડામાં આ વાયરસથી બીજા સંક્રમિતનું મોત થયું છે. રાજ્ય સરકારના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર ૬૦ વર્ષીય વૃદ્ધને કોરોનાનું સંક્રમણ હતું. ગુરુવારે મોડી રાતે તેમનું નિધન થયું. ગુરુવારે એક દિવસમાં સૌથી વધુ ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. કર્ણાટકના તુમકુરુમાં કોરોના સંક્રમિતનું શુક્રવારે મોત થઈ ગયું. તુમકુરુના ડેપ્યુટી કમિશ્નર ડૉ. કે. રાકેશ કુમારે જાણકારી આપી કે મૃતકની ઉંમર ૬૫ વર્ષ હતી. તેઓએ ટ્રેનથી ૫ માર્ચે દિલ્હીની મુસાફરી કરી હતી અને ૧૧ માર્ચે તુમકુર પરત ફર્યા હતા. તે ટ્રેનમાં પ્રવાસ કરનારા તમામ મુસાફરોને ટ્રેસ કરવામાં આવી રહ્યા છે.

લોકડાઉનની સ્થિતિ વચ્ચે દેશભરમાં કોરોના વાયરસનો કેર વધતો જોવા મળ્યો છે.સમગ્ર દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૭૨૪ને પાર થઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ ૧૯ લોકોના મોત થયા છે. ત્યારે કોરોનાગ્રસ્ત ૪૫ દર્દીઓ સાજા પણ થયા છે. દેશમાં સૌથી વધુ કેરળમાં ૧૩૭ દર્દીઓ નોંધાયા, જે બાદ મહારાષ્ટ્રમાં કુલ ૧૨૫ દર્દીઓ નોંધાયા છે.આ ઉપરાંત કર્ણાટક, તેલંગાણા, ગુજરાત , યુપીમાં, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણા, તમિલનાડુ, મધ્યપ્રદેશમાં પણ કેસ નોંધાયા છે. અલગ અલગ રાજ્યોમાં દર્દીઓની સંખ્યા વધી ગઈ છે. ગત ૨૪ કલાકમાં દેશમાં ૪૦ નવા કેસ નોંધાયા છે..જ્યારે ૨૪ કલાકમાં ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજસ્થાનના ભીલવાડા ખાતે મહાત્મા ગાંધી હોસ્પિટલમાં કોરોનાના એક દર્દીનુ મોત નિપજ્યુ છે. તે દર્દી કિડની અને બ્લડ પ્રેશરથી પણ પીડાતો હતા.ગુરુવારે કોરોનાના કારણે મહારાષ્ટ્ર, ગુજરાત, કાશ્મીર અને મોડી રાતે રાજસ્થાનમાં એક-એક વ્યક્તિના મોત થયા હતા.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૧૩૦ થઈ ગઈ છે. દિલ્હીમાં આ સંખ્યા ૩૭ છે. હરિયાણામાં ૩૦, કર્ણાટકમાં ૫૭, કેરળમાં ૧૧૮, રાજસ્થાનમાં ૪૧, તમિલનાડુમાં ૨૭, તેલંગાણામાં ૪૪, પશ્ચિમ બંગાળમાં ૧૧, છત્તીસગઢમાં ૬ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત છે. બિહારમાં ૭, આંધ્ર પ્રદેશમાં ૧૧, ઉત્તર પ્રદેશમાં ૪૧, ગુજરાતમાં ૪૬, હિમાચલ પ્રદેશમાં ૪, મધ્ય પ્રદેશમાં ૨૧, પંજાબમાં ૩૪ લોકો કોરોના વાઈરસની ચપેટમાં છે.

મહારાષ્ટ્રના નાસિકથી ૨૦૦ લોકોને લઈને વિશેષ ટ્રેન કાનપુર પહોંચી છે. અહીં તમામ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે અને તેમને ૧૪ દિવસ ક્વોરેન્ટાઈનમાં રહેવાનો સ્ટેમ્પ લગાવવામાં આવ્યો છે.

### કોરોના વિરુદ્ધ લડવા સેના તૈયાર,૭ કલાકનો એક્શન પ્લાન તૈયાર

# જો જરૂર પડશે તો સેના કોઈપણ પગલુ ઉઠાવવા માટે તૈયારઃ આર્મી ચીફ

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશ પર મંડરાઈ રહેલા કોરોના વાઈરસના મહાસંકડનો સામનો કરવા માટે દરેક જણ પોતાની રીતે પ્રયત્ન કરી રહ્યો છે. કેન્દ્રથી લઈને રાજય સરકારો આકરા નિર્ણયો લઈ રહી છે, તો બીજી તરફ ભારતીય સેના પણ દરેક પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ જોવા મળી રહી છે.



આ અગે સેનાના પ્રમુખ એમ એમ નરવણેએ જણાવ્યું કે, જો જરૂરત પડશે, તો સેના કોઈ પણ પગલુ ભરવા માટે તૈયાર છે. આર્મી પાસે એક ૬ કલાકનો એકશન પ્લાન તૈયાર છે. જે અંતર્ગત તાત્કાલિક આઈસોલેશન સેન્ટર અને આઈસીયુને તૈયાર કરવામાં આવી શકે છે.

આ અંગે એક ઈન્ટર્વ્યૂમાં સેના પ્રમુખે કોરોના વાઈરસના પડકાર પર ચર્ચા કરી હતી આર્મી ચીફ નરવણેએ જણાવ્યું કે, આ સંકટની સ્થિતિમમાં સેના પોતાનું કામ કરી રહી છે અને તમામ ઓપરેશનલ ટાસ્ક આ સમયે યથાવત છે. હજુ સુધી અનેક દેશોએ આ સંકટનો સામનો કરવા માટે સેનાની મદદ લીધી છે. જેના પર આર્મી ચીફે જણાવ્યું કે, ભારતીય સેના દેશના લોકો માટે છે. જો જરૂરિયાત જણાશે અને સરકાર કહેશે તો સેના પણ સંપૂર્ણ તૈયાર છે.તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોના વાઈરસના કેસો સતત વધી રહ્યાં છે. એવામાં મેડિકલ સર્વિસની જરૂરિતાય આગળ વધી શકે છે. ભારતીય સેનાએ તમામ જવાનોને કોરોના વાઈરસ વિશે જાણકારી આપી છે અને જરૂરી સાવધારી રાખવા જણાવ્યું છે.

સેના પ્રમુખે વધુમાં જણાવ્યું કે, સેના અલગ-અલગ સ્તર પર કોરોનાનો સામનો કરવા તૈયારી કરી રહી છે. જેમાં સર્વેલાન્સ અને આઈસોલેશનની પ્રોડક્ટિવિટીને વધારવી, અલગ-અલગ બેઝ પર રહેલી સેનાની હોસ્પિટલોમાં ૪૫ બેડનો એક આઈસોલેશન વોર્ડ તૈયાર કરવો અને આ સાથે જ ૧૦ બેડનો એક આઈસીયુ વૉર્ડ પણ તૈયાર કરવાનો છે. આ સુવિધા માત્ર ૬ કલાકની નોટિસ પર તૈયાર કરવામાં આવી શકે છે.

# 'મને કોરોના થઈ જશે, જામીન પર છોડો': યસ બેક્ના રાણા કપૂરની અરજી



મુંબઈ,તા.૨૭

યસ બેક્ના સ્થાપક રાણા કપૂરે એવી દલીલ સાથે પોતાને જામીન પર છોડવાની અરજી કરી છે કે જો પોતે જેલમાં રહેશે તો એને કદાચ નોવેલ કોરોના વાઈરસનો ચેપ લાગી જશે. રાણા કપૂરને મની લોન્ડરિંગ કેસના સંબંધમાં નવી મુંબઈની તળોજા જેલમાં પૂરી દેવામાં આવ્યા છે. એમની સામેના કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ એજન્સી કરી રહી છે.

પોતાની જામીન અરજીમાં રાણા કપૂરે એવો દાવો કર્યો છે કે એમનું હાલનું સ્વાસ્થ્ય જોતાં એવું લાગે છે કે એમને જેલમાં કોરોના વાઈરસ લાગુ પડવાનું મોટું જોખમ છે. કપૂરે એમના લોયર સુભાષ જાધવ મારફત જામીન અરજી નોંધાવી છે.

કપૂરે એવો દાવો કર્યો છે કે પોતાને ઘણા સમયથી શ્વાસની તકલીફ રહે છે જેને કારણે ફેફસાંમાં ચેપ લાગે છે, સાઈનસ થાય છે અને ચામડી પર ચેપની તકલીફ ઊભી થાય છે.

કપૂરે અરજી મારફત કોર્ટને એમ પણ જણાવ્યું છે કે પોતે છેલ્લા દોઢેક વર્ષથી તીવ્ર હાઈપરટેન્શન, ચિંતા અને ડીપ્રેશનથી પીડાય છે. કપૂરે વધુમાં કહ્યું છે કે પોતાને નાનપણથી બ્રોક્રિઅલ અસ્થમા પણ છે, જેને કારણે એમને ફેફસાંમાં ચેપ લાગવાનું મોટું જોખમ રહે છે જેને કારણે એમનું મૃત્યુ પણ થઈ શકે.

હાલ જે કોરોના વાઈરસ ફેલાયો છે એને કારણે પોતાને ફેફસાંમાં ગંભીર ચેપ લાગી શકે છે અને એમનું આ ઉંમરે મૃત્યુ પણ થઈ શકે છે, એમ ૬૨ વર્ષના કપૂરે વધુમાં જણાવ્યું છે. કોર્ટ આ જામીન અરજી પર આવતા સોમવારે નિર્ણય લેશે. કોર્ટે જેલના સત્તાવાળાઓને આદેશ આપ્યો છે કે તેઓ કપૂરના આરોગ્યની કાળજી લે.

## તંત્રી સ્થાનેથી...

### લાંબી લડત

પ્રથમ ગરીબ-જરૂરતમંદ વર્ગને આવરી લીધા બાદ હવેપછી નાના થી મોટા વેપાર-ઉધોગ માટેનો વારો નકકી છેઃ રિઝર્વ બેંકની નાણાં નીતિમાં ચોકકસ આર્થિક રાહત આવશે એમાં કોઈ બેમત નથી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે ઈકોનોમિક ટાસ્ક ફોર્સ રચના કરી હતી તે ટાસ્ક ફોર્સે પોતાનું ટાસ્ક (કામ) ફોર્સ સાથે શરૂ કરી દીધું છે. નાણાં પ્રધાનના વડપણ હેઠળ આ ટાસ્ક ફોર્સે તેના બીજા પેકેજની જાહેરાત કરી હતી. હજી બે થી ત્રણ પેકેજની આશા રાખી શકાય. કોરોના સામેની લાંબી લડાઈને ધ્યાનમાં રાખતા વધુ રાહત આવશે. મોદી સરકાર ધીમી પણ મકકમ ગતિએ પગલા ભરી રહી છે. પ્રથમ રાહત પેકેજમાં મોદી સરકારનું લક્ષ્ય ગરીબ અને વંચિત વર્ગ છે, હવેપછીની જાહેરાત માર્ચ અંતે અથવા એપ્રિલના પ્રથમ સપ્તાહમાં આવી શકે.કોઈ કંઈપણ કહે મોદી સરકાર બહુ સમજી-વિચારી અને પધ્ધતિસર આગળ વધી રહી છે. આમાં ડહાપણ અને શાણપણ સ્પષ્ટ દેખાય છે. નાના-મધ્યમ અને મોટા વેપાર-ઉધોગ માટેની રાહત પણ પાઈપલાઈનમાં છે.જેની આતુરતાપુર્વક રાહ જોવાતી હતી એ આર્થિક રાહતના પગલાંની જાહેરાત શરૂ થઈ હતી. નાણાંપ્રધાન નિર્મલા સિતારમણે આમ તો આ બીજી જાહેરાત કરી છે, જો કે પહેલા તબકકાની જાહેરાતમાં તેમણે કેટલીક વિધિ વિષયક કે વહીવટી રાહત આપી હતી, જેમ કે કરવેરાના નિયમો, વિધિ પતાવવા માટે વધુ સમય આપવો, વગેરે. હવે બીજી જાહેરાતમાં પીએમ ગરીબ કલ્યાણ યોજના મારફત ગરીબ અને અત્યંત જરૂરતમંદ વર્ગ માટે ૧.૭૦ લાખ કરોડના રાહત પેકેજ આપ્યું છે.એક તરફ અમેરિકા જેવો દેશ અબજો ડોલરના રાહત પેકેજ એક સાથે જાહેર કરીને અર્થતંત્રને કોરોનાને કારણે તુટતું બચાવવા સખત પ્રયાસ કરી રહયો છે ત્યારે ભારત સરકાર આ કામ ધીમી ગતિએ શરૂ કર્યુ છે યા તેણે ધીમેથી શરૂ કરવું પડી રહયું છે, કારણ કે ભારત અને અમેરિકા અથવા અન્ય વિકસિત દેશો વચ્ચે ઘણાં પ્રકારના ફરક છે. જે કાર્ય અન્ય દેશો માટે સરળ છે તે ભારત માટે કપરું છે. વાસ્તે, આ વિષયમાં મોદી સરકારની સમજણ વિના ટીકા કરવી વાજબી નહીં ગણાય. કહેવાય છે કે મોદી સરકારે તેના દરેક ખાતાના પ્રધાનો સાથે ચર્ચા ચાલુ રાખીને લાંબા ગાળાનો પ્લાન તૈયાર કર્યો છે, કેમ કે આ લડાઈ કેટલી લાંબી ચાલશે અને આગળ જતા કેવો વળાંક લેશે એ હાલ કહેવું ખૂબ કઠિન છે. અત્યારના ૨૧ દિવસનો લોક ડાઉનનો સમયગાળો બહુ સંવેદનશીલ છે. સરકાર માટે પહેલાં લોકોના જીવ બચાવવા વધુ મહત્ત્વની અને અગ્રતાની બાબત છે. જાન હૈ તો જહાન હૈ ની ફિલસુફીને ધ્યાનમાં રાખી સરકારે પ્રથમ ચરણમાં લોકોને ઘરમાં જ રહેવાની સખત અને શિસ્તબધ્ધ સુચના આપી, એ પછી બીજા ચરણમાં ૨૧ દિવસના બંધનો ગાળો જાહેર કરાયો અને હવે આર્થિક રાહતના પેકેજની શ્રેણી શરૂ કરાઈ છે. મિડીયા અથવા ચોકકસ વર્ગને એમ લાગતું હશે કે મોદી સરકાર રાહત પેકેજ જાહેર કરવામાં વિલંબ કરી રહી છે, કિંતુ જે રીતે નાણાં પ્રધાને જાહેરાત સાથે સંકેત આપ્યા તે સમજવા અને નોંધવા જેવા છે. સરકારનું પ્રથમ લક્ષ્ય અને પ્રાધાન્ય ગરીબ, શોષિત,પછાત અને બિન-સંગઠિત સેકટરમાં કામ કરતા વર્ગ છે, જેમાં સરકારે મહિલાઓને પણ ખાસ ધ્યાનમાં રાખી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૮/૦૩/૨૦૨૦, શનિવાર, ચૈત્ર સુદ-૪
સૂર્યોદય-૬-૪૭, સૂર્યાસ્ત-૬-૫૮, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૧૬ થી શુભ-૯-૪૮ સુધી, ૧૨-પથી ચલ-લાભ-અમૃત-૧૭-૨૮ સુધી, ૧૮-૫૯થી લાભ-૨૦-૨૮ સુધી, ૨૧-૫૬ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૯ સુધી

- શુભ હોરા-
૬-૪૭થી ૮-૪૭ સુધી, ૧૦-૪૯થી ૧૧-૫૧ સુધી, ૧૧-૫૧થી ૧૩-૫૩ સુધી, ૧૪-૫૪ થી ૧૫-૫૬ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૮-૦૩-૨૦૨૦ શનિવાર

**મેષ (અ.લ.ઈ.) :-** વ્યાપારી સંબંધોમાં વિકાસ કરવાના મહત્વના નિર્ણયો બાબત કોઇ ઉતાવળ ન કરવી. પ્રવાસમાં સફળતા.

**વૃષભ (બ.વ.ઉ.) :-** આર્થિક સ્થિતિમાં સુધારો થવાનો છે વાદ-વિવાદથી દૂર રહેજો. કાર્યભાર પણ રહેવાનો છે.

**મિથુન (ક.છ.ઘ.) :-** મુડી રોકાણ બાબત કોઇ જાણકાર અને હીતેચ્છુ મિત્રની સલાહ લેજો-વિદેશથી લાભ મલવાનો.

**કર્ક (ડ.હ.) :-** ઉપરી વર્ગ સાથે કોઇ દલીલબાજી ન કરતા. નવુ કર્જ લેવાથી દૂર રહેજો રોમાન્સમાં સફળતા.

**સિંહ (મ.ટ.) :-** સામાજિક કાર્યોમાં સફળતા મલવાની છે. મિલત મુલાકાત લાભ દાયક રહે. મિત્રો સાથે પ્રવાસ થયા.

**કન્યા (પ.ઠ.ણ.) :-** આર્થિક બાબતોમાં વધુ ચીવટ રાખજો નોકરીમાં વ્યસ્ત રહેવાની સલાહ છે. સ્થિરતા જરૂરી.

**તુલા (ર.ત.) :-** આર્થિક પ્રશ્નો હલ કરવામાં કોઇ મિત્રનો સહકાર મલે. નકામા ખર્ચાઓ ઉપર કાબુ રાખવો.

**વૃશ્ચિક (ન.ય.) :-** મનોવૃત્તિ ઉપર કાબુ રાખજો બીજાને મદદ કરવાની ભાવના કેળવજો. વિદશેથી લાભ મલવાનો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** લાંબાગાળાની ઇચ્છા ફળવાની છે. નવી તક મલવાની. સામાજીક કાર્યોમાં સફળતા રહેશે.

**મકર (ખ.જ.) :-** સાંજ પછીનો સમય વધુ અનુકુળતા સુચવે છે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ સહકાર મલવાનો.

**કુંભ (ગ.શ.સ.) :-** હોદ્દાને લઇને લોકો તમોને આવકાર આવશે. આધ્યાત્મિક બાબતોમા વધુ રસ રહેવાનો છે.

**મીન (દ.ચ.ઝ.) :-** મિલ્કતના પ્રશ્નોને લઇને ટેન્શન રહે. મહત્વના નિર્ણયો બાબત સાવધાની રાખવી જરૂરી રહે.

### અગાઉ જીડીપી ગ્રોથ ૫.૩ ટકા રહેવાનું અનુમાન હતું

# ભારત માટે ખતરાની ઘંટીઃ મૂડીઝે વિકાસ દર ઘટાડીને ૨.૫ ટકા કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૭

ગ્લોબલ ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં ભારતના ગ્રોથ રેટને પોતાના અગાઉના અનુમાનને ઘટાડીને ૨.૫ ટકા કરી દીધો છે. અગાઉ મૂડીઝે ૫.૩ ટકા જીડીપી ગ્રોથ રેટ રહેવાનું અનુમાન કર્યું હતું. કોરોના વાઈરસના સંકટને લઈને મૂડીઝનું કહેવું છે કે, તેનાથી વૈશ્વિક અર્થ વ્યવસ્થાને ખૂબ જ મોટો ફટકો પડ્યો છે.

કોરોના વાઈરસ અને તેને પગલે દેશ-દુનિયામાં અવર-જવર પર રોકને લઈને પણ આર્થિક નુક્સાન વધ્યુ અને તેના કારણે દેશનો આર્થિક વિકાસ દર ઘટવાનું અનુમાન છે. મૂડીઝે વર્ષ ૨૦૧૯માં દેશનો આર્થિક વિકાસ દર ૫ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે.

મૂડીઝે પોતાના ગ્લોબલ મૈક્રો આઉટલૂક ૨૦૨૦-૨૧માં જણાવ્યું કે, અનુમાનિત વૃદ્ધિ દરના હિસાબે ભારતમાં ૨૦૨૦માં આવકમાં ઝડપી ઘટાડો થઈ શકે છે. જેનાથી ૨૦૨૧માં ડોમેસ્ટિક ડિમાન્ડ અને આર્થિક સ્થિતિમાં સુધારાનો દર પહેલાથી વધું પ્રભાવિત થઈ શકે છે.કોરોના વાઈરસને ફેલાતો રોકવા માટે આ સપ્તાહની શરૂઆતમાં ભારત સરકારે દેશમાં ૨૧ દિવસનું લૉકડાઉન જાહેર કર્યું છે. દેશમાં ૭૦૦ જેટલા કોરોના પોઝિટિવ કેસો સામે આવી ચૂક્યા છે, જ્યારે ૧૭ લોકો મોતને ભેટ્યા છે. લૉકડાઉનના કારણે ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા છે. લાખોની સંખ્યામાં મજૂરો અને શ્રમજીવીઓની રોજીરોટી છીનવાઈ ગઈ છે. આ ઉપરાંત રેલવે, વિમાન અને બસ જેવી સરકારી ટ્રાન્સપોર્ટ સર્વિસો પણ બંધ થઈ ગઈ છે.

વિશ્વભરમાં કોરોના વાઈરસથી મરનારા લોકોની સંખ્યા ૨૪૦૦૦ની પાર પહોંચી ચૂકી છે. મૂડીઝે જણાવ્યું કે, ૨૦૨૦માં વૈશ્વિક અર્થ વ્યવસ્થા સંકુચિત થશે અને તેમાં ૨૦૨૧માં તેજી જોવા મળી શકે છે. મૂડીઝને જણાવ્યા પ્રમાણે, ૨૦૨૦માં વૈશ્વિક અર્થ વ્યવસ્થામાં વાસ્તવિક જીડીપીમાં ૦.૫ ટકાનો ઘટાડો નોંધાશે, જ્યારે કોરોના વાઈરસ સંકટ પહેલા ગત વર્ષે નવેમ્બરમાં મૂડીઝે વૈશ્વિક અર્થ વ્યવસ્થાના ૨૦૨૦માં ૨.૬ ટકાના દરે વધવાનો અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું હતું.

## આજથી સવારે ૯ વાગ્યે રામાયણને પ્રથમ એપિસોડ દૂરદર્શન પર પ્રસારિત થશે



ન્યુ દિલ્હી,તા.૨૭

દેશમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા ખતરાની વચ્ચે દૂરદર્શને રામબાણ ચલાવ્યું છે. દૂરદર્શન ૯૦ના દાયકામાં પ્રસારિત પ્રખ્યાત સીરિયલ રામાયણને દેખાડશે. આવતીકાલે સવારથી ૯ વાગ્યે પહેલો એપિસોડ પ્રસારિત કરાશે.

૯૦ના દાયકામાં રામાયણનો એવો જાદુ હતો કે તેના પ્રસારણના સમયે રસ્તાઓ સૂમસાન થઇ જતા હતા. રસ્તા ખાલી થઇ જતા અને લોકો ઘરોમાં આ ઐતિહાસિક સીરિયલને જોવા માટે એકજૂથ થઇ જતા હતા.

લોકો સીરિયલમાં કામ કરનાર કલાકારો અરૂણ ગોવિલ (રામની ભૂમિકા નિભાવનાર) અને દીપિકા (સીતાની ભૂમિકા નિભાવનાર)ને ભગવાનની જેમ પૂજતા હતા.

માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે આજે કહ્યું કે મને એ જણાવતા ખુશી થઇ રહી છે કે લોકોની માંગણી પર અમે આવતીકાલથી રામાયણ સીરિયલને ડીડી નેશનલનું પ્રસારણ શરૂ કરવા જઇ રહ્યા છે. પહેલો એપિસોડ સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી અને બીજી વખત રાત્રે ૯ વાગ્યા થી ૧૦ વાગ્યા સુધી પ્રસારિત કરાશે.

### અમેરિકાના યુદ્ધ જહાજમાં ૨૫ સૈનિકો પોઝિટિવ

# કોરોનાના આતંક સામે દુનિયા નિઃશબ્દઃ ૨૪ હજારથી વધુના મોત,૫ લાખથી વધુ લોકો સંક્રમિત

**ઈટાલીમાં ૮૨૧૫, સ્પેનમાં ૪૩૬૫ અને ચીનમાં ૩૨૯૨ લોકોના મોત તથા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૫૫ નવા કેસ અને પાંચ મોત નોંધાયા**

વૉશિંગ્ટન/રોમ/મેડ્રિડ,તા.૨૭

કોરોના વાઈરસને વિશ્વના ૧૯૫ દેશમાં હાહાકાર મચાવ્યો છે. કોરોનાના અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૫ લાખ ૩૨ હજાર ૨૦૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. ૨૪ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. ૧ લાખ ૨૪ હજાર ૩૦૦ લોકો સાજા થઈ જતા હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

ચોકાવનારી વાત એ છે કે ચીનથી શરૂ થયેલા આ વાઈરસથી વધુ ખૂવારી બીજા દેશોમાં જોવા મળી રહી છે. કુલ પોઝિટિવ કેસોની સંખ્યામાં ચીન કરતા અમેરિકા આગળ નિકળી ગયું છે. અમેરિકામાં કુલ પોઝિટિવ કેસ ૮૫૫૯૪ નોંધાયા છે, જ્યારે ચીનમાં ૮૧૩૪૦ નોંધાયા છે. ચીન કરતા ઈટાલી અને સ્પેનમા વધારે મૃત્યુઆંક નોંધાયો છે. ઈટાલીમાં અત્યાર સુધીમાં ૮૨૧૫ લોકોના મોત થયા છે, સ્પેનમાં ૪૩૬૫ લોકોના અને ચીનમાં ૩૨૯૨ લોકોના મોત થયા છે.

અમેરિકાના યુદ્ધ જહાજ થિયોડોર રુઝવેલ્ટ ઉપર શુક્રવારે ૨૫ નૌસૈનિકો પોઝિટિવ આવ્યા છે. બે દિવસ પહેલા આ જહાજ ઉપર ત્રણ કેસ પોઝિટિવ આવ્યા હતા. સંક્રમણના કેસ સામે આવ્યા છતા ચીફ ઓફ નેવલ ઓપરેશન્સ માઈક ગિલ્ડે કહ્યું કે અમારુ વલણ આક્રમક રહેશે. કોઈપણ સંકટને પહોંચી વળવા માટે જવાબી કાર્યવાહી કરવા માટે અમે સક્ષમ છીએ.

ઈટાલીમાં એક મહિનોને છ દિવસમાં ૮૨૧૫ લોકોના મોત

ઈટાલીમાં કોરોના વાઈરસના ૮૦૫૮૯ કેસ નોંધાય છે. ૮૨૧૫ લોકોના જીવ ગયા છે. આમાંથી ૩૩૬૪૮ લોકને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ૨૪૭૫૩ને જનરલ વોર્ડમાં દાખલ કરાયા છે. ૧૦૩૬૧ લોકોના સારવાર પછી રજા આપવામાં આવી છે. ઈટાલીમાં કોરોના સંક્રમણનો પ્રથમ કેસ ૨૧ ફેબ્રુઆરીના રોજ સામે આવ્યો હતો. છેલ્લા ૪૮ કલાકમાં દેશમાં ૪૪૯૨ નવા કેસ સામે આવ્યા છે.

## પૂણેમાં કોરોના વાયરસના ૧૦ દર્દી સાજા થઈ ઘરે પરત ફર્યા

પૂણે,તા.૨૭

મહારાષ્ટ્રમાં એક તરફ કોરોના વાયરસના વધતા કેસ ચિંતાનું કારણ બની રહ્યા છે. ત્યારે પૂણેમાં સારવાર બાદ સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા રાહતના સમાચાર લઈને આવી છે. માત્ર પૂણેમાં જ અત્યાર સુધીમાં કોરોનાના ૧૦ દર્દીઓ સાજા થયા છે.

પૂણેના કોર્પોરેશનના આરોગ્ય વિભાગના મુખ્ય ડૉક્ટર રાજેન્દ્ર હુંકારેએ જણાવ્યું, "નાયડૂ હોસ્પિટલમાં દાખલ કરાયેલા કોરોના વાયરસના વધુ બે દર્દીઓનું રિપિટ સેમ્પલ નેગેટિવ આવ્યું છે. બંનેને ડિસ્ચાર્જ કરી દેવાયા છે." આ સાથે જ પૂણે જિલ્લામાં કોરોના વાયરસના કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૨ થઈ છે. જેમાંથી ૧૦ સાજા થઈને ઘરે ગયા છે.

અગાઉ પૂણેના પિંપરી ચિંચવાડ નિગમના કમિશનર શ્રવણ હાર્દિકરે જણાવ્યું હતું કે, ૩ દર્દીઓના રિપિટ સેમ્પલ નેગેટિવ આવ્યા છે. આજે ત્રણેયને ડિસ્ચાર્જ કરી દેવાશે.

## રાષ્ટ્રપતિ કોવિંદે દેશના તમામ રાજ્યપાલ સાથે કોરોના અંગે ચર્ચા કરી

ન્યુ દિલ્હી,તા.૨૭

ભારતમાં કોરોના વાઈરસનું જોખમ દિવસેને દિવસે વધી રહ્યું છે. દિલ્હીથી લઈને મુંબઈ, બેંગલુરુ અને કોલકાતા સુધી કોરોના વાઈરસના પીડિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન લાગુ કરાયું છે. જેથી લોકો ઘર કેદ રહેવા માટે મજબૂર થયા છે.આ બધાની વચ્ચે તંત્ર પણ લોકોની સહાય માટે અવનવી યોજનાઓ લાગુ કરી રહ્યું છે. સાથે લોકો સુધી વહેલી તકે મદદ પહોંચાડવા માટે પણ સજ્જ થયું છે, ત્યારે તમામ રાજ્યોમાં શું સ્થિતિ છે? તે અંગેની જાણકારી મેળવવા માટે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વીડિયો કોન્ફ્રેસિંગ દ્વારા રાજ્યપાલ સાથે મિટિંગ કરી હતી. જેમાં તેમણે રાજ્યની સ્થિતિ અને સુવિધા વિશેની જાણકારી મેળવી હતી.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા મળેલી માહિતી અનુસાર, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉપરાષ્ટ્રપતિ સાથે મળીને કોવિડ-૧૯ સંબધિત મુદ્દાઓની ચર્ચા કરી હતી. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના રાજ્યપાલ, ઉપરાજ્યપાલ અને પ્રશાસકો સાથે વાતચીત કરી હતી. સાથે જે તેમના દ્વારા કરાયેલી કામગીરીને બિરદાવીને વધુ મજબૂત રીતે લોકોની સેવા માટે આગળ રહેવા જણાવ્યું હતું.

# થેન્ક ટુ કોરોનાઃ દુનિયાની ઉપર ઓઝોન લેયરમાં પડેલ ગાબડુ પુરાવા માંડ્યુ..!!

વૉશિંગ્ટન,તા.૨૭

આખી દુનિયામાં કોરોનાના કારણે હાલમાં લોકડાઉન છે.આર્થિક ગતિવિધિઓ ઠપ થઈ ચુકેલી છે.ઉદ્યોગોને તાળા વાગેલા છે. જેની સીધી અસર દુનિયાના પર્યાવરણ પર જોવા મળી રહી છે. આ અસર પાછી પોઝિટિવ છે.જેના કારણે દુનિયાની ઉપર ઓઝોન લેયરમાં પડેલુ ગાબડુ પુરાવા માંડ્યુ છે.

અમેરિકાની કોલોરાડો યુનિવર્સિટીના સંશોધકોએ જાણકારી મેળવી છે કે, પૃથ્વીના દક્ષિણી હિસ્સામાં આવેલા એન્ટાર્ટિકાની ઉપર ઓઝોન લેયરમાં પડેલુ વિશાળ ગાબડુ પૂરાવા માંડ્યુ છે. કારણકે ચીન તરફથી આ દિશામાં જતા પ્રદુષણમાં કમી આવી છે.

કોરોના પહેલા દુનિયામાં પ્રદુષણની અસર બહુ વધારે હતી. પૃથ્વી પરથી પસાર થતી હવાઓ દક્ષિણ હિસ્સા તરફ જતી હતી. હવે તેનો રુખ પલટાઈ ગયો છે. સંશોધકોનુ કહેવુ છે કે, આ બદલાવ હંગામી છે પણ પર્યાવરણ માટે લાભમાં છે.

ચીનમાં ઔદ્યોગિક ગતિવિધિઓ ઓછી હોવાથી જેટ સ્ટ્રીમ સાચી દિશામાં છે. કાર્બન ડાયોક્સાઈડનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે.એટલે ઓઝોનના ઘા રુઝાઈ રહ્યા છે.

કોરોનાના કહેર પહેલા ચીન ઓઝોન લેયરને નુકસાન કરે તેવા પ્રદુષિત તત્વો સૌથી વધારે માત્રામાં રિલિઝ કરતુ હતુ. જોકે હવે આવા તત્વોનુ પ્રમાણ ઓછુ થઈ ગયુ છે.

૨૦૦૦ પહેલા જેટ સ્ટ્રીમ ધરતીની વચ્ચે ફરતી હતી.જોકે એ પછી તેની દિશા દક્ષિણ તરફની થઈ ગઈ હતી.જેના કારણે આ હિસ્સાની ઉપર આવેલા ઓઝોન લેયરમાં ગાબડુ પડી ગયુ હતુ.જેના કારણે ઓસ્ટ્રેલિયા જેવા દેશોના હવામાનને સીધી અસર થઈ હતી.

જો દુનિયાનુ પ્રદુષણ આ જ રીતે ઓછુ રહ્યુ તો તેનો ફાયદો ઓસ્ટ્રેલિયાને પણ થશે. એમ પણ પ્રદુષણના અભાવે ઘણા દેશોની હવા ચોખ્ખી થઈ રહી છે.



**દેશભરમાં કોરોનાને લીધે લૉકડાઉન જાહેર થયા બાદ લોકોએ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની લાઈન લગાવી હોવાની તસવીરો જોવા મળતી હતી. આ તસવીર પહેલીવાર જોતા એવી જ લાગશે, પરંતુ આ લાંબી લાઈન ગેસ સિલિન્ડર માટેની છે. વાશીમાં લોકોએ લગાવેલી આ લાઈન સાક્ષી પુરે છે કે લોકો તકલીફ ભોગવી રહ્યા છે. આવી જ લાઈન ભીંડી બજાર સહિત ઘણા વિસ્તારોમાં લાગી હતી. ઘરમાં ચીજવસ્તુ હોય, પણ ચુલો જ ન સળગે તો શું કરવાનું?**

# મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં એક જ પરિવારના ૧૨ લોકો કોરોના પોઝિટિવ

કોલ્હાપુર,તા.૨૭

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે. અત્યાર સુધી અહીં ૧૩૦ કેસ સામે આવી ચુક્યા છે. આ વચ્ચે અહીંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કોલ્હાપુર પાસે એક જ પરિવારના ૧૨ લોકો કોરોના વાયરસ પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું છે. સૌપ્રથમ ૨૩ માર્ચે પરિવારના ૪ સભ્યોનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ ચારેય હજથી પરત ફર્યા હતાં.

એક અહેવાલ અનુસાર આ પરિવાર સાંગલી જિલ્લાના ઈસ્લામપુર ગામના રહેવાસી છે. સૌપ્રથમ હજથી પરત આવેલા પરિવારના ૪ સભ્યોને આઇસોલેશનમાં રાખવામાં આવ્યાં હતાં. ૨૩ માર્ચે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ૨૫ માર્ચે પરિવારના અન્ય ૫ સભ્યોનો ટેસ્ટ કરાવામાં આવ્યો. આ પાંચેય સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો. તે બાદ મેડિકલ ટીમે પરિવારના ૩ અન્ય સભ્યોને ટેસ્ટ માટે બોલાવ્યાં. આ ત્રણેયનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો. આ રીતે એક જ પરિવારના ૧૨ લોકો ખતરનાક કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયાં.

આ વચ્ચે સાંગલી જિલ્લાના સિવિલ સર્જન સંજય સાલુનખેએ કહ્યું કે આ પરિવારના સંપર્કમાં આવનારા તમામ લોકોના સેંપલ લેવામાં આવી રહ્યાં છે. આ તમામના રિપોર્ટ શુક્રવારે આવશે.

# આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની તમામ ક્વોલિફાયર મેચો રદ

દુબઈ,તા.૨૭

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ૩૦મી જૂન અગાઉ યોજાનારી તમામ ક્વોલિફાઈંગ ઈવેન્ટ રદ કરી નાખી છે. આગામી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભાગ લેનારા એસોસિયેટ્સ દેશની ટીમો વચ્ચે ક્વોલિફાયર્સ યોજાનારા હતા અને તેમાંથી કેટલીક ટીમ વર્લ્ડ કપમાં ભાગ લેવાની હતી. આ મેચો ૩૦મી જૂન અગાઉ રમાવાની હતી પરંતુ આઈસીસીએ તમામ ક્વોલિફાઈંગ ઈવેન્ટ રદ કરવાનો નિર્ણય લીધો છે. કોરોના વાયરસને કારણે સમગ્ર વિશ્વમાં ગંભીર અસર પડી છે અને તમામ સ્થળે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે ક્રિકેટ પણ તેમાંથી બાકાત નથી. વિશ્વના તમામ દેશમાં ક્રિકેટની પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે.




આઈસીસી અને બીસીસીઆઈના વડા મથકને પણ બંધ કરી દેવાયા છે તો તેના કર્મચારીઓ ઘરેથી કામગીરી કરી રહ્યા છે.

આઈસીસીના ઈવેન્ટ વડા ક્રિસ ટેટલીએ જણાવ્યું હતું કે વૈશ્વિક આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને તથા સમગ્ર વિશ્વમાં વિવિધ સરકારોએ લાદેલા પ્રતિબંધોને ધ્યાનમાં રાખીને આઈસીસીએ ૩૦મી જૂન સુધી તમામ ઈવેન્ટ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ભવિષ્યમાં અમે પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ નિર્ણય લઈશું. ખેલાડીઓ, ઓફિશિયલ્સ, સ્ટાફ અને હજારો રમતપ્રેમીઓની આરોગ્ય અને સુરક્ષા પ્રત્યેની અમારી વચનબદ્ધતાને અમે પ્રાથમિકતા આપીને અમે આ નિર્ણય લીધો છે. આ તમામને ધ્યાનમાં રાખીને અમે જવાબદારીપૂર્વક નિર્ણય લીધો છે.આઈસીસી વિમેન્સ વર્લ્ડ કપ ક્વોલિફાયરનો પ્રારંભ ત્રીજી જુલાઈથી શ્રીલંકામાં થઈ રહ્યો છે તે અંગે હાલમાં કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ આઈસીસીના પ્રવકતાના મતે પરિસ્થિતિનું મોનિટરિંગ થઈ રહ્યું છે અને તેની સમીક્ષા થઈ રહી છે.આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ઓકટોબરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાનારો છે અને તે માટેની વર્લ્ડ કપ ટ્રોફી ટૂર એપ્રિલમાં હાથ ધરાનારી હતી તે પણ હાલમાં અટકાવી દેવામાં આવી છે.



આજ રોજ તારીખ ૨૬.૩.૨૦ ના રોજ પાટણ જાયન્ટ્સ પિપ્લસ ફાઉન્ડેશન દ્વારા હાસાપુર-પાટણ ની સામે આવેલ ગરીબ જરૂરિયાત મંદ લોકોના પરિવાર ને સામાજિક સેવા એવા ગ્રુપ તરફથી ૨૦૦ કિલો ચોખા ,૧૦૦ કિલો દાળ,૫૦ કિલો ડુંગળી,૫૦ કિલો બટાકા એકત્ર કરી દરેક પરિવાર ને એક કીટ બનાવી આપવામાં આવી.આ પ્રસંગે પાટણ ના પી.આઈ શ્રી ચિરાગ ભાઈ ગોસાઈ ગ્રુપ પ્રમુખ ઉજ્જવલ પટેલ (બોમ્બે મેટલ પ્રાથમિક શાળા ના આચાર્ય શ્રી ) ચેરમેન શ્રી ઈશ્વરભાઈ પટેલ શૈલેષભાઈ ઠક્કર સત્યેન્દ્ર ભાઈ શાહ રાજેશભાઈ પટેલ મૌલિકભાઈ દરજી ઉપસ્થિત રહ્યા હતા.

આ કીટ વહેંચણી સમયે સરકાર શ્રી તરફથી કોરોના વાઈરસ માટે નક્કી કરેલ ગાઈડ લાઈન મુજબ અને કોઈ પ્રકારની ભીડ એકત્ર ના થાય તે રીતે જ કીટ આપવામાં આવી હતી

### રેપીડ એક્શન ફોર્મ શહેરમાં તૈનાત,લોકડાઉનનો કડક અમલ કરાવશે

# સુરતમાં ૧૧ શંકાસ્પદ પૈકી ૨ દર્દી સહિત ૧૦નો રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો

સુરત,તા.૨૭

કોરોનાના શહેરમાં વધુ ૧૧ શંકાસ્પદ દર્દી સામે આવ્યા હતા. જોકે, મહાવીર હોસ્પિટલના ૩ કર્મચારીઓ સહિત નોંધાયેલા ૧૧ શંકાસ્પદ દર્દીઓ પૈકી ૨ દર્દી સહિત ૧૦નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જયારે હાલમાં દાખલ ૬ પોઝિટિવ દર્દીઓ પૈકીના ૪ની સ્થિતી હાલ સ્ટેબલ હોવાનું તેમજ ૨ દર્દીની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. જયારે રાત્રી દરમિયાન પણ તંત્ર દ્વારા ફાયર બ્રિગેડની મદદથી શહેરની તમામ સોસાયટીઓને સેનિટાઈઝ કરવાની કામગીરી ચાલી રહી છે. ગત રોજ શેહરમાં આવેલી રેપીડ એક્શન ફોર્સ આજે સવારથી લોકડાઉનનો કડક અમલ કરાવવા કામે લાગી ગઈ છે.

શહેરમાંથી વધુ ૧૧ કેસ કોરોનાના શંકાસ્પદ નોંધાયા હતા. જેમાં વરાછા વિસ્તારમાં રહેતી અને સ્મીમેર હોસ્પિટલમાં ફરજ બજાવતી ૨૪ વર્ષીય મહિલા, વૈષ્ણોદેવીનો પ્રવાસ કરી પરત આવેલી રાંદેરની ૭૨ વર્ષીય વૃદ્ધા, મુંબઈ થી પરત આવેલી પનાસની ૩૦ વર્ષીય મહિલા, દિલ્હીનો પ્રવાસ કરી આવેલા વરીયાવી બજારના ૬૫ વર્ષીય વૃદ્ધ, હૈદરાબાદનો પ્રવાસ કરી પરત આવેલા અડાજણના ૨૩ વર્ષીય યુવક, નાનપુરામાં રહેતા અને પ્રાઈવેટ હોસ્પિટલના ૫૮ વર્ષીય કર્મચારી, રાજકોટનો પ્રવાસ કરી આવેલા અડાજણના ૬૦ વર્ષીય વૃધ્ધા, ભટાર ખાતે રહેતા અને વાઘોડિયાની પ્રાઈવેટ હોસ્પિટલના ૩૦ વર્ષીય મહિલા કર્મચારી, તુર્કીનો પ્રવાસ કરી ૧૮ તારીખે આવેલા સિટીલાઈટના ૪૫ વર્ષીય મહિલા તેમજ કોઈ પણ ટ્રાવેલ હિસ્ટ્રી ન ધરાવતા ઘોડદોડ રોડના ૫૪ વર્ષીય મહિલા અને પાડેસરાના ૨૮ વર્ષીય યુવકને શંકાસ્પદ લક્ષણો જણાતા દાખલ કરાયા હતા. તેમના સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.




રાધનપુર ના જાગૃત ધારાસભ્ય શ્રી રઘુભાઈ દેસાઈ દ્વારા રાધનપુર રેફરલ હોસ્પિટલમાં ૩૦ બેડ સાથે સ્ત્રી કવોરેન્ટાઇન વોર્ડ અને ૨૫ બેડ સાથે પુરુષ કવોરેટાઈન વોર્ડ ૨૪ કલાક માં તાત્કાલિક તૈયાર કરાયો...ત્યારે લોક સેવાના ભેખધારી આવા જાગૃત ઉત્સાહી અને મહેનતુ ધારાસભ્ય ની સમાજ સેવાથી રાધનપુર સાંતલપુરના ના પ્રજાજનો એ પણ આભારની લાગણી વ્યક્ત કરી હતી ઉલ્લેખનીય છે કે પ્રજાના કોઈ પણ પ્રશ્નો હોય ત્યારે ધારાસભ્ય શ્રી રઘુભાઈ દેસાઈ સતત ખડે પગે હાજર હોય છે

## ગુજરાતની ૪ ખાનગી લૅબને કોરોના વાયરસ સંક્રમણ ટેસ્ટ કરવાની મંજૂરી

ગાંધીનગર,તા.૨૭

કોરોના વાયરસ સંક્રમણથી લોકોને બચાવવા માટે અને તેના પ્રસારને રોકવા માટે સ્વાસ્થ્ય સેવાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે. ગુરુવારે સરકાર તરફથી લોકોમાં કોરોના વાયરસ સંક્રમણની તપાસ માટે ૩૫ ખાનગી લૅબને તપાસની મંજૂરી આપવામાં આવી છે. તેનાથી ટૂંક સમયમાં અને મોટાપાયે કોરોના વાયરસ સંક્રમિતોની ઓળખ કરવામાં મદદ મળશે. આ ૩૫ ખાનગી લૅબની યાદીમાં ગુજરાતની ૪ ખાનગી લૅબનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમણની તપાસ કરવા માટે ૪ ખાનગી લૅબોને મંજૂરી આપવામાં આવી છે. તેમાં ૩ અમદાવાદની છે જયારે ૧ સુરતની લૅબને મંજૂરી મળી છે.

સરકાર તરફથી ગુજરાતની ૪ સહિત કુલ ૩૫ ખાનગી લૅબની યાદી જાહેર કરવામાં આવી છે જયાં કોરોના વાયરસના સંક્રમણની તપાસ કરાવી શકાય છે. આ લૅબોમાં દિલ્હીમાં ૬, હરિયાણામાં ૩, કર્ણાટકમાં ૨, મહારાષ્ટ્રમાં ૯, ઓડિશામાં ૧, તમિલનાડુમાં ૪, તેલંગાનામાં ૫ અને પશ્ચિમ બંગાળમાં ૧ લૅબનો સમાવેશ થાય છે. આમ, કુલ ૯ રાજયમાં ૩૫ ખાનગી લૅબોને ટેસ્ટ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

૧. યૂનિપેથ સ્પેશિયાલિટી લેબોરેટરી લિમિટેડ, ૧૦૨, સનોમા પ્લાઝા, પરિમલ ગાર્ડનની પાસે, એલિસબ્રિજ, અમદાવાદ

૨. સુપ્રાટેક માઇક્રોપૈથ લૅબ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ પ્રા.લિ., અમદાવાદ

૩. એસ.એન. જનરલ લૅબ પ્રા.લિ., નાનપુરા, સુરત

૪. પેંગેનોમિક્સ ઈન્ટરનેશનલ પ્રા.લિ. એલિસબ્રિજ, અમદાવાદ

### મુખ્યમંત્રીની લોકોને અપીલ

# સોમનાથ ટ્રસ્ટે ૧ કરોડનું દાન આપ્યુંઃ શ્રમિકો પગપાળા વતનની વાટ ન પકડે

*અમદાવાદ,તા.૨૭*

રાજ્યમાં કોરોના વાયરસ સામે લડવા માટે મુખ્યમંત્રી રાહતનિધી ફંડમાં ૩ દિવસમાં ૩૫૦૦ જેટલા લોકો અને સંસ્થાઓએ લાખો રૂપિયાનું દાન આપ્યું છે. રાજયના માહિતી સચિવ અને મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે આજે ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી કે કોરોના સામે લડવા માટે રાજ્યની જાણીતી સંસ્થાઓ અને વ્યક્તિ દાન આપવાની શરૂઆત કરી છે. આ દાનમાં પૂર્વમુખ્ય મંત્રી કેશુબાપા વ્યક્તિગત ૧ લાખ રૂપિયાના દાનની જાહેરાત કરી છે. આ ઉપરાંત કેશુબાપાએ સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે ટ્રસ્ટ તરફથી ૧ કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી છે.

અશ્વિની કુમારે જણાવ્યું કે રાજયની જુદી જુદી સંસ્થાઓએ પણ આમા દાન આપ્યું છે જેમાં કુંડળ સ્વામિનારાયણ સંસ્થાન તરફથી ૨૫ લાખ રૂપિયા તેમજ ખોડલધામ અને સરદાર ધામ તરફથી મુખ્યમંત્રી રાહતનિધી ફંડમાં ૨૧-૨૧ લાખ રૂપિયાની મદદ જાહેર કરવામાં આવી છે.

**૨૫૦ એસ.ટી બસ મૂકી ૫૦,૦૦૦ શ્રમિકોને વતન પહોંચાડ્યા**

અશ્વિની કુમારે ઉમેર્યુ કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પગપાળા જતા શ્રમિકો પ્રત્યે સંવેદના દાખવી અને ૨૫૦ એસ.ટી. બસ અને ૫૦૦ ખાનગી બસ મૂકીને તેમને દાહોદ-છોટાઉદેપરુ, પંચમહાલ, રાજસ્થાન સહિતના તેમના વતનમાં પહોંચાડ્યા છે. આ આંકડા મુજબ અત્યારસુધીમાં ૫૦,૦૦ શ્રમિકોને ઘરે પહોંચાડ્યા છે.અશ્વિની કુમારે જણાવ્યું કે ‘મુખ્યમંત્રીની અપીલ છે કે હવે શ્રમિકો પગપાળા વતનની વાટ ન પકડે, તેમની રહેવાની જમવાની સુવિધા આપવાની ફરજ સરકારની છે. સરકાર તેમની મદદ કરશે. તેઓ મદદ માટે ૧૦૪ નંબર અથવા પોલીસનો ૧૦૦ નંબર ડાયલ કરી શકે છે.

અશ્વિની કુમારે રાજયના દાતાઓ જોગ અપીલ કરતા ઉમેર્યુ કે રાજયમાં કોરોના વાયરસ સામે લડવા માટે જે લોકો ફંડ આપવા માંગે છે તે મુખ્યમંત્રી રાહતનીધિ ફંડમાં રકમ જમા કરાવી શકે છે. આ તમામ દાન ઈક્રમટેક્સની સેક્શન ૮૦૧ અંતર્ગત કરમાંથી મુક્તિને પાત્ર છે. આમ લોકો ખુલ્લામને આગળ આવી અને દાન કરી શકે છે.

**રાશનની દુકાને એપ્રિલમાં અંગુઠા વગર અનાજ મળશે**

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવાના ઉદાત્ત ભાવથી એપ્રિલ૨૦૨૦ના માસ માટે રાશન મેળવવા લાભાર્થી માટેની બાયોમેટ્રિકસ પદ્ધતિનો અમલ કરાશે નહિ. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવાના ઉદાત્ત ભાવથી એપ્રિલ-૨૦૨૦ના માસ માટે રાશન મેળવવા લાભાર્થી માટેની બાયોમેટ્રિકસ પદ્ધતિનો અમલ કરાશે નહિ. મુખ્યમંત્રીશ્રીએ આ લોકડાઉનની સ્થિતીમાં ગુજરાતના જે યાત્રિકો કે મુસાફર પરિવારો અન્ય રાજ્યોમાં સ્થગિત થઈ ગયા છે તેમને ત્યાં કોઈ અગવડ રહેવા-જમવાની ના પડે તેવી વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરતો મહત્વનો નિર્ણય કર્યો છે.

**લારી ગલ્લા માટે પાસ ઈશ્યુ કરાયા**

અશ્વિનીકુમારે આ વિગતો આપતાં ઉમેર્યુ કે, જીવન આવશ્યક ચીજવસ્તુઓ, શાકભાજી વગેરેનો પુરવઠો લોકોને સરળતાએ તેમના ઘર-સોસાયટી-શેરી-મહોલ્લા નજીક મળી રહે તે માટે ૨૮,૫૦૦ જેટલા પાસ ફેરિયા, લારીધારકો, વેપારીઓને ઈસ્યુ કરવામાં આવ્યા છે.

## વિવિધ જીલ્લાઓમાં કમોસમી વરસાદઃ ઘઉં, ચણા, જીરું, વરિયાળીના પાકમાં મોટું નુકશાન

ગાંધીનગર,તા.૨૭

રાજયનાં વિવિધ વિસ્તારોમાં ગત રોજ કમોસમી વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. અને ગત મોડી રાત્રીએ ગાજવીજ સાથે અહીયા કમોસમી વરસાદે આગમન કર્યું છે.જેના કારણે ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે. કારણકે તેમનો ઉભો પાક પણ પલળી ગયો છે, અને લોકડાઉનને કારણે તેમણે સંગ્રહ કરેલુ અનાજ પણ વેચાઈ નથી રહ્યું. જેથી ખેડૂતોની પણ માગ છે, કે સરકાર આ સમયે તેમના માટે પણ વિશેષ સહાયની જાહેરાત કરે.

અરવલ્લી પંથકમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. મોડાસા પંથકમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ થતા ઘઉં, ચણા, જીરું, વરિયાળીના પાકમાં નુકશાન જોવા મળ્યું હતું. સમગ્ર અરવલ્લી પંથકમાં કમોસમી વરસાદથી ઉભો પાક પલળી જતા ખેડૂતો ચિંતિત જોવા મળ્યા. સાપુતારામાં છેલ્લા ચાર દિવસથી વાતાવરણમાં પલટો આવેલ છે.અને અહીયા ચોમાસા જેવો માહોલ માર્ચ મહિનામાં જોવા મળી રહ્યો છે. શુક્રવારે સવારે ગિરિકન્દ્રામાં પણ ગાઢ ધૂમ્મસની ચાદર પથરાઈ ગઈ હતી.જેથી અદ્ભૂત દ્રશ્યો સર્જાયા હતા.નસવાડી તાલુકામાં બરફના કરા સાથે વરસેલા કમોસમી વરસાદથી ખેડૂતો સાથે સીસીઆઈને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે..સીસીઆઈએ ખરીદી કરેલો કપાસ પલળી ગયો.સીસીઆઈએ ૩૨ હજાર ક્વિન્ટલ અને ૭૦૦ રૂપિયા પ્રતિ નંગથી ખરીદેલી ગાસડીઓ જીનમાં પડી હતી.તે પલળી ગઈ છે..પાણીનો નિકાલ કરવા રોજમદારો કર્મચારીઓ જોતરાયા..આ ઉપરાંત તલ, મકાઈ સહિતનો પાક બગડ્યો છે.

## કોરોનાના કહેર વચ્ચે પાટણમાં સ્વાઈન ફ્લૂનો એક કેસ પોઝિટિવ મળતા ખળભળાટ

પાટણ,તા.૨૭

ચીનથી આખા વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસે ભારતમાં પણ પગપેસારો કર્યો છે. દેશમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. અલગ-અલગ રાજ્યોમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા પણ સતત વધી રહી છે. ત્યારે ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વાયરસના કારણે ૩ લોકોના મોત થયા છે અન ૪૫ કેસ નોંધાયા છે. ત્યારે હવે રાજયમાં સ્વાઈન ફ્લૂનો એક કેસ પોઝિટીવ આવ્યો છે.

માહિતી મુજબ પાટણમાં સ્વાઈન ફ્લૂનો એક કેસ પોઝિટીવ આવ્યો છે. જયારે જયારે અત્યાર સુધી ત્યાં કોરોનાના ૨૦ શંકાસ્પદ કેસ નોંધાયા છે. ૧૫ લોકોના રિપોર્ટ નેગિટીવ આવ્યા છે અને ૫ લોકોના રિપોર્ટ બાકી છે. પાટણમાં સ્વાઈન ફ્લૂનો પોઝિટીવ કેસ આવતા આરોગ્ય વિભાગ સતરગ થયું છે. ૫૯ વર્ષીય વડીલનો સ્વાઈન ફૂલ કેસ પોઝિટીવ આવ્યો છે.

# કોરોનાઃ વિશ્વના અર્થતંત્રને ડામાડોળ કરનાર ચીન છટકી શકે તેમ નથી....!!

(જીએનએસઃ હર્ષદ કામદાર)

વિશ્વના તમામ દેશોને કોરોના વાયરસે ભોગ બનાવ્યા છે.. તો ચીનમાં માત્ર વુહાનમાં જ ફરી વળ્યો હતો. સિવાય ચીનના કોઈપણ રાજ્યમાં કોરોના વાયરસની અસર નથી થઈ. ત્યારે શું એવું તો નહીં હોયને તે સમગ્ર વિશ્વના અર્થતંત્રને ખેદાન મેદાન કરી નાખવાનું ષડયંત્ર કદાચ ચીનનું હોય.....!? ચીનમાં વુહાન સિવાય કોરોનાએ ચીનના અન્ય રાજ્યોમાં અસર કરી નથી. તો ચીને કોરોના વાયરસને કાબુ માં પણ લઈ લીધો છે. તે સાથે નવા કેસ પણ નોંધાયા નથી. તો આનો અર્થ શું.....? વિશ્વના અનેક દેશોના લોકોને હજારોની સંખ્યામાં મોતના મુખમાં ધકેલી દેનાર કોરોના વાઈરસને કારણે મોટાભાગના દેશોમાં લોકડાઉન જેવી સ્થિતિ છે.... મોટાભાગના દેશોએ પોતાની સરહદો સીલ કરી દીધી છે. તો એરપોર્ટો, ટ્રાન્સપોર્ટ, રેલવે,વિમાન સેવાઓ બંધ કરી દેવાની ફરજ પડી છે. દરેક દેશોના વિવિધ ઉત્પાદનો તથા આયાત-નિકાસ પર મોટી અસર પડી છે. જેને કારણે વિશ્વભરના બજારોમાં ભારે પ્રમાણમા ઉથલ પાથલ પણ થઇ છે. વિશ્વના અનેક દેશોએ પોતાના નાગરિકોને બચાવવા અને મદદ રૂપ થવા કરોડો રૂપિયાના પેકેજ જાહેર કરવા પડ્યા છે.... ચીનમાં માત્ર ઉત્પાદન ઉપર જ અસર થઈ છે કારણ તેનો માન-સામાન ઉપાડવાથી વિશ્વના દેશો દૂર થઈ ગયા છે. છતાં ચીનના આંતરિક બજારો ઉપર કોઇ અસર થવા પામી નથી....! વુહાનથી ન્યૂયોર્ક, ઈટલી, ભારત, ઈરાન,સ્પેન વગેરે દેશો ૮૦૦ કિલોમીટર થી ૮ હજાર કિલોમીટર સુધી દૂરના અંતરે છે.... છતાં ચીનના વુહાન પાસેના શાંઘાઈ કે બેજિંગ સહિતના ચીનના એક પણ પ્રાંતમાં કોરોના ની અસર નથી થઈ. પરંતુ યુરોપના દેશો, ઈટલી, ઈરાન સહિતા ૧૮૧ જેટલા દેશોમાં હજારો લોકોના મૃત્યુ અને સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે...... તેમાંથી ચીન બાકાત છે. ચીનના બધાજ વ્યાપાર ક્ષેત્રો સલામત છે. એટલે કાઈક તો ગરબડ જરૂર છે.....! અને અમેરિકા એમ જ કાંઈ ચીનને દોષી નથી કહી રહ્યુ.....!? ચીનની હરહંમેશ વિસ્તારવાદી અને અન્ય પર હાવી થવાની નીતિ રહી છે. તેને સૌથી પહેલાં એક વાયરસ અને તેની દવા બનાવી પછી.... એ વાઈરસ ફેલાયો અને રાતોરાત વિશાળ હોસ્પિટલ બનાવી દીધી. જે કોઈ પણ દેશ આ રીતે પૂર્વ આયોજન વગર હોસ્પિટલ કે બિલ્ડિંગ ઉભુ ન કરી શકે. એટલે વિશ્વના દેશોને ગુમરાહ કરવાનું-છેતરવા હોસ્પિટલ ઉભી કરવી તે એક ષડયંત્રનો ભાગ લાગે છે.....! જેના કારણે વિશ્વભરમાં વાયરસ ફેલાવાની સાથે સાથે અરાજકતા ફેલાવા લાગી.... જેમાં ખાસ કરીને યુરોપીયન દેશોમાં.. તેને કારણે અનેક દેશોની અર્થવ્યવસ્થા ઉપર અસર થઈ અનેક દેશોના ઉત્પાદન કરતા કારખાના બંધ થઈ ગયા. શેરબજારમાં મોટી ઉથલપાથલ થઈ ગઈ અને પોતાના દેશમાં કોરોનાવાયરસ ને તાત્કાલિક કાબુમાં કરી લીધો. વુહાનથી કોરોના દર્દી મળતા બંધ થઈ ગયા આ કઈ રીતે સંભવિત છે.....? જયારે કે ઈટલી, ઈરાન જેવા દેશો આવી સ્થિતિને નિયંત્રણમાં નથી લઈ શકતા.... એનો મતલબ કે ચીન પહેલેથી તૈયાર હતું.... અત્યારે વિશ્વભરમાં કોરોનાનો હાહાકાર છે. જયારે ચીનની તમામ ક્ષેત્રની ઉત્પાદન કરતી ફેકટરીઓ ધમધમતી થઈ ગઈ છે.... ત્યારે સવાલ એ ઉઠે છે કે વુહાન સિવાય ચીનના અન્ય પ્રાંતોમાં આ વાઈરસ નથી ફેલાયો....! જ્યારે કોરોના વાયરસની શરૂઆત થઈ ત્યારે ચીને દુનિયાથી કોરોનાવાયરસ અંગે કેમ છૂપાવ્યુ.....? શરૂઆતી સેમ્પલનો નાશ કેમ કર્યો....? વિશ્વના અન્ય દેશોએ જાણકારી- સૂચના આપવા કહ્યું તો ના શા માટે પાડી.....? કોરોના વાયરસ માનવી માનવીમાં ફેલાય છે જેને છુપાવવા WHO ના કમ્યુનિષ્ટ નિર્દેશકનો ઉપયોગ કેમ કર્યો.....? WHO ના નિર્દેશક જાન્યુઆરીમાં ચીનમા શું કરી રહ્યા હતા...? WHO જૂઠું કેમ બોલ્યુ....?તેને કહ્યું કે આંતરરાષ્ટ્રીય હવાઇ સફર માટે ગાઈડ લાઈનની જરૂર નથી... કેમકે કોરોના માનવી થી માનવ દ્વારા ફેલાતો રોગ નથી.... તો પછી હવે શું.....? ચીને ૫૦ હજાર લોકોને કોઈપણ મેડિકલ તપાસ વગર દુનિયાના વિવિધ દેશોમાં શા માટે મોકલ્યા......? અત્યારે સમગ્ર વિશ્વ ચીન અને WHO પર શંકા કરી રહ્યા છે. ત્યારે તાજ્જુબીની બાબત એ છે કે ચીન અને WHO ભારતના વખાણ કરી રહ્યા છે. આ બધી બાબતોને શું કહીશું.....? એક જ વાત કોરોનાવાયરસ માટે ચીન જ જવાબદાર છે....! વિશ્વભરમા ૨૨ હજારથી વધુ લોકોના મોત કોરોના વાયરસને કારણે થયા છે. જ્યારે ભારત જેવા વિશાળ દેશમા ૨૦ લોકોના મૃત્યુ થયા છે. અને ૭૨૭ પોઝિટીવ કેસ નોંધાયા છે. ભારતમાં વસ્તીના પ્રમાણમાં મેડીકલ ટેસ્ટીગ કીટ કે તેની વ્યવસ્થા નથી....! તે હકીકત છે. તો મેડિકલ સાધનો-સેવાઓ અને મેડિકલ સ્ટાફ પણ જરૂરી જોઈતા પ્રમાણમાં નથી.... તે બાબત સ્વીકારી રહી. જે લોકોના કારણે ખાનગી હોસ્પિટલો ઊભી થઈ તેમના ડોક્ટરો ટોપ લેવલે પહોંચ્યા તેમાંના મોટાભાગના કોરોના દર્દીની સારવાર કે સુવિધા આપવાથી દૂર રહ્યા છે....! તો ધાર્મિક સંસ્થાઓ પણ જાહેરમાં આવી નથી જે પણ હકીકત છે. વડાપ્રધાન મોદીજુએ દૂરંદેશીતા વાપરી સમગ્ર ભારતને લોકડાઉન કરાવ્યું જેથી લોકસંપર્ક ન થાય.... અને કોરોના જંતુ નાશ પામે પણ લોક ડાઉનમા અનેક મહામૂર્ખ લોકો- કોરોનાની અસરો ન સમજનાર ટહેલવા ઘર બહાર નીકળવા લાગ્યા. જે તે રાજય સરકારોની ચેતવણી- આદેશો છતાં લોકો બહાર નીકળતા રાજસ્થાન સરકારને દેખો ત્યાં ઠાર કરવા હુકમ આપવા પડ્યા.... તો તેલંગાણા-ગુજરાત સહિતના અનેક રાજ્યોની આવી વિકટ સ્થિતિ છે... અને પોલીસ ૨૪ કલાક ફરજ બજાવતા રહ્યા છે... જેથી કોરોના કાબૂમાં રહ્યો છે......! પરંતુ કેટલાક પોલીસો કોરોના વાયરસનો ભોગ પણ બની ગયા છે. અને તેને માટે જવાબદાર ટહેલવા નિકળી પડતા લોકો જ છે....! ત્યારે પોલીસ કે સરકારે આકરા પગલા નાછૂટકે ભરવા ન પડે માટે લોકો બહાર ન નીકળે તે અતિ જરૂરી છે. ગુજરાતમાં આજે કોઈ નવો કેસ નોંધાયો નથી જે સુખદ બાબત છે... પરંતુ અસંગઠિત મજૂરો પોતાની ઘર વખરી પોટલા બાંધી પરિવાર સાથે વતનની વાટ પકડી રહ્યા છે.... તેને માટે જવાબદાર છે તેમના માલિકો તેમને નોકરી આપનારા તેમને કામ આપનારા કારણ માલિકોએ આવા લોકોને અનાજ કે અન્ય કોઈ સહાય નથી આપી .....!? વંદે માતરમ્

## ઘરમાં રહીને દેશ પ્રત્યેનું રુણ અદા કરીએ અને ભારતે વિશ્વગુરુ બનતાં જોવાના સાક્ષી બનીએ

આમ તો ડોનાલ્ડ ટ્રંપ દુનિયાનો સૌથી શક્તિશાળી માણસ કહેવાય, આખી દુનિયાને પોતાની આંગળી પર નચવી શકે એટલો પાવર એ માણસ ધરાવે છે પણ કોરોના વાઈરસના સંક્રમણ સામે લડવામાં આ નેતા વામણો પુરવાર થયો છે. અમેરીકામાં હાલમાં ૭૦૦૦૦ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત છે, દીન-પ્રતિદિન આ આંકડો કુદકે- ભુસકે વધી રહ્યો છે. આમ છતાં ડોનાલ્ડ ટ્રંપ જેવો શક્તિશાળી નેતા પોતાના ૩૩ કરોડની વસ્તીવાળા દેશને લોકડાઉન કરવાની હિંમત દાખવી શક્યો નથી. એને ચિંતા છે પોતાના દેશની ઈકોનોમીની. પોતાના દેશનાં નાગરિકોના મોતના ઢગલા ભલે થતાં પણ દેશનું અર્થતંત્ર બગાડવું નથી. આ છે એક પોતાને મહાન નેતા ગણાવાની ઘેલછા ધરાવતો રાષ્ટ્રપતિ. બીજી તરફ દેશમાં ફક્ત ૬૦૦ કોરોના સંકમિતો થતાં ૧૩૩ કરોડની મહાકાય વસ્તીને લોકડાઉન કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો. આખી દુનિયા અચંબિત છે કે સાપ અને મદારીઓનો આ દેશ આવો નિર્ણય કઈ રીતે લઈ શકે. આ કંઈ નાનો-સુનો નિર્ણય નથી. એક રીતે આ ૨૧ દિવસની સંપુર્ણ જવાબદારી સરકારે પોતાના માથે લઈ લીધી છે. દેશમાં અનાજ, દવાથી લઈ બધી જ મુળભૂત જરૂરીયાતોનો પુરવઠો સરકારે જોવાનો છે. વિકસિત દેશો અને નાની વસ્તી વાળા દેશોની સરકાર પણ આવા નિર્ણયો નથી લઈ શકી કેમ કે આવા સાહસી નિર્ણયો લેવા માટે છાતી જોઈએ. ચીન, ઈટલી, સ્પેન, અમેરિકા બધા જ લગભગ ઘુંટણિયે છે. આ એ બધા દેશો છે જેની મેડીકલ સુવિધાઓ ભારત કરતા હજારો-લાખો ઘણી આધુનિક છે. આમ છતાં તેઓ હાર માની ચુક્યા છે. એવા સમયે દરેક દેશવાસી પોતાની જાતને એટલા નસીબનાં ધની માનજો કે વિશ્વની આ સૌથી મોટી મહામારી ના સમયમાં દેશમાં નરેન્દ્ર મોદી જેવા મક્કમ મનોબળ વાળા નેતા તમારા પ્રધાનમંત્રી છે. કોઈ પણ આછુકલા નેતા જો આ સમયે ભારતની બાગડોળ સાચવતા હોત તો આપણી પેઢીઓ ખલાસ થઈ જાય એમાં કોઈ શંકાને સ્થાન નથી. બધા સરકારના આદેશોનું પાલન કરીએ અને દેશનાં હિતને નજર સમક્ષ રાખી એક જવાબદાર નાગરિક તરીકે માત્ર ઘરમાં રહીને દેશ પ્રત્યેનુ રુણ અદા કરીએ અને ભારતે વિશ્વગુરુ બનતાં જોવાના સાક્ષી બનીએ..

## બજારમાં ભીડ ન થાય તે માટે કલેક્ટરશ્રીએ

# પાલનપુરની શાકમાર્કેટ, મેડીકલ અને પ્રોવીઝનલ સ્ટોર્સની મુલાકાત લીધી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને અટકાવવા માટે સરકારની સુચના મુજબ કલેક્ટરશ્રી સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન મુજબ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક કામગીરી કરવામાં આવી રહી છે. કોરોના વાયરસ એકબીજાના સંપર્કમાં આવવાથી ફેલાતો હોવાથી બજારમાં ભીડભાડ ન થાય તે માટે કલેક્ટરશ્રી સંદીપ સાગલેએ પાલનપુરની શાકમાર્કેટ, મેડીકલ અને પ્રોવીઝનલ સ્ટોરની મુલાકાત લીધી હતી. કલેક્ટરશ્રીએ પાલનપુર સીમલા ગેટથી દિલ્હી ગેટ સુધી પગપાળા ચાલી શાકભાજીની લારીવાળા, મેડીકલ સ્ટોર્સ અને છુટક કરીયાણાની દુકાનવાળાઓ સાથે વાતચીત કરી તેમને માલ-સામાન લાવવામાં અને ઘરેથી કામના સ્થળે આવવા-જવામાં કોઈ મુશ્કેલી હોય તો તે જણાવવા કહ્યું હતું. તેમણે મેડીકલ સ્ટોર્સમાં પુરતા પ્રમાણમાં દવાનો જથ્થો ઉપલબ્ધ રાખવા તથા જે પણ લોકો મેડીકલમાં દવા લેવા આવે ત્યારે એકબીજા વચ્ચે સુરક્ષીત અંતર જળવાય તે માટે ત્રણ ફુટના અંતરે સર્કલ દોરી તે સર્કલમાં જ લોકો ઉભા રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમણે જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ શાકભાજી, મેડીકલ અને કરીયાણા સ્ટોર્સના વિક્રેતાઓને જે તે મામલતદાર કચેરીમાંથી પાસ મેળવી લેવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાના તમામ શહેરોમાં સ્થિતિ સામાન્ય રહે, લોકો બિન જરૂરી બહાર ન નીકળે, શાકમાર્કેટ, મેડીકલ સ્ટોર્સ આગળ ભીડભાડ ન થાય તે જરૂરી છે. વેપારીઓને ડીલર પાસેથી અને ડીલરોને કંપનીમાંથી માલ મેળવવા તકલીફ ન પડે તેની વ્યવસ્થા કરાશે. તેમણે કહ્યું કે, લોકોને ઘેરબેઠાં હોમ ડીલીવરી દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુઓ મળે તેવી વ્યવસ્થા ઉભી કરવા વેપારીઓને સુચના આપવામાં આવી છે. કલેકટરશ્રીએ કહ્યું કે, અત્યારના સંજોગોમાં લોકો ઘરમાં જ રહે તથા સોશ્યલ ડિસ્ટન્સીગ જાળવી કોરોના વાયરસથી સુરક્ષીત રહીએ. કલેકટરશ્રીની મુલાકાત દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલ, પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ.ડી.ગિલવા, નગરપાલિકાના કર્મચારીઓ સહિત સબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# અરવલ્લીજિલ્લા કલેક્ટર દ્વારાજીવનજરૂરિયાતની દુકાનો..વિક્રેતાઓનેની મુલાકાત લીધી



મોટી ઈસરોલ, તા.૨૭

અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.જેમાં જીવન જરૂરિયાતની દુકાનો..વિક્રેતાઓને ત્યાં ભીડ ન થાય અને નિયત અંતરે ગ્રાહકો ઉભા રહી એક પછી એક ખરીદી કરે એ માટે અપીલ કરી હતી.એમની સાથે એસડીએમ મયંકકુમાર પટેલ, ડીએસપી પાટીલ,મામલતદાર અરુણદાન ગઢવી વગેરે પણ જોડાયા હતા.

# નાઈ સમાજ માટે સરકાર વિશેષ પેકેજ જાહેર કરે: શૈલેષભાઈ નાઈ.

પાટણ તા.૨૭

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોનાવાયરસ ની મહામારીએ હાહાકાર મચાવ્યો છે જેને નાથવા સરકાર પણ કટીબદ્ધ બની હોય સરકાર દ્વારા ૨૧ દિવસ સુધી સમગ્ર ભારતભરમાં lockdown જાહેર કરવામાં આવ્યો છે જેના કારણે તમામ ધંધા રોજગારો બંધ હોય ત્યારે રોજબરોજનું કમાઈને જીવન ગુજારતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારજનોની હાલત દયનીય બની છે ત્યારે નાઈ સમાજ પણ કંઈક આવી જ પરિસ્થિતિ માંથી હાલ પસાર થઈ રહ્યા છે સરકાર દ્વારા નાઈ સમાજ માટે વિશેષ પેકેજની જાહેરાત કરે તેવી રજૂઆત સરસ્વતી તાલુકાના વામૈયા ગામે રહેતા અને અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતા શૈલેષભાઈ નાઈ દ્વારા કરવામાં આવી છે.

## કોરોના વાયરસથી બચવા કોઈ ને ઈન્ફેકશન ન થાય તેથી

# લીંબડી ની યોગી મેડિકલ સ્ટોર્સ માલિક દ્વારા પેસેન્ટ ને ઉભા રહેવા માટે ગોળ ચક્કર બનાવ્યા




હાલ માં સમગ્ર દુનિયા માં કોરોના વાયરસ ના કહેર સામે લડવા માટે લોકો ને કોરોના વાઈરસ ની સામે રક્ષણ રક્ષણ મળી રહે તે માટે અને લીંબડી માં કોરોના વાઈરસ ન ફેલાઈ તે માટે લીંબડીના નવા બસ સ્ટેન્ડ સામે આવેલ યોગી મેડિકલ સ્ટોર્સ ના માલિક દ્વારા સ્ટોર્સ માં દવા લેવા માટે આવેલ પેશન્ટને ઉભા રહેવા માટે ગોળ કુંડાળા બનાવવવામાં આવ્યા છે આ ગોળ કુંડાળા એટલા માટે બનાવ્યા છે એનું કારણ કે પેશન્ટ આવે ને એક બીજા માં અંતર રહે ને અને કોરોના નો વાયરસ (ચેપ) ન લાગે તે હેતુ થી એક - એક મીટરના આ ગોળ કુંડાળા બનાવવા માં આવ્યા આ એક સારો એવો વિચાર કહેવાય યોગી મેડિકલ ના માલિક દ્વારા આ ગોળ કુંડાળા ને લીંબડી મામલતદાર શ્રી મહાવીરસિંહ ઝાલા, લીંબડી ડી.વાય.એસ.પી, બસિયા, લીંબડી ના પી.આઈ. આર. જે. રામ. તેમજ લીંબડી પી.એસ.આઈ. સંજયભાઈ વરૂ, અને મેડીસીન્સ વિભાગ, સુરેન્દ્રનગર તેમજ લીંબડી ના અનેક વેપારીઓએ, દરેક સમાજ ના સામાજિક કાર્યકરો, અને કોઈ વ્યક્તિ ને કોરોના વાયરસ ની સક્રમણ માં ના આવી જાય તે માટે આ એક સારૂ એવું પગલાં મેડિકલ માલિકે લીધા હતા.

તેમજ મહંત શ્રી લાલદાસજી બાપુ ના આશીર્વાદ થી લીંબડી મોટા મંદિર ખાતે લીંબડી ના લોકો ને પણ અપીલ કરે છે કે લોકો ઘરની બહાર કામ સિવાય ન નીકળવું એમ લીંબડી તાલુકા ની જનતા ને કરી હતી.

રિપોર્ટર
લીંબડી
દિપકસિંહ વાઘેલા

# શક્તિસેવા કેન્દ્ર અંબાજી દ્વારા અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું

અંબાજી ગબ્બર પર્વત પર રહી ભિક્ષા વૃત્તિ કરી ને પોતાના પરિવાર નું ગુજરાન ચલાવતા ભરથરી પરિવાર ને હાલ માં ચાલી રહેલા લોક ડાઉન માં અનાજ ની અછત ઉભી થતા શ્રી શક્તિ સેવા કેન્દ્ર અંબાજી ઘ્વારા આજ રોજ અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં તેમને ૧૦ દિવસ નું અનાજ પૂરું પાડવામાં આવ્યું હતું અને ભવિષ્ય માં પણ જો આ સમાજ ના લોકો ને અનાજ ની અછત ઉભી થશે તો શ્રી શક્તિ સેવા કેન્દ્ર દ્વારા આ તમામ પરિવારો ને તે પૂરું પાડવામાં આવશે અને આ લોકડાઉન ની અસર તેમના રોજિંદી જરૂરિયાત પર ના પડે તેની ખાસ કાળજી લેવામાં આવશે..

હાલ માં લોક ડાઉન હોઈ સમગ્ર ભારત માં ૧૪૪ ની કલમ લાગુ પડેલી છે તો આ ભગીરથ કાર્ય માં અંબાજી પોલીસ નો પણ સહકાર લેવામાં આવ્યો હતો અને પોલીસ ની દેખરેખ માં આ સમગ્ર કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતુ અને પોલીસ દ્વારા પણ ઉત્સાહ ભેર સહાય આ વિતરણ માં મળ્યો હતો.અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી



વિશ્રવ મા અતયારે કોરોના વાયરસ ના કારણે જયાર થી લોક ડાઉન જાહેર કરવા મા આવ્યુ છે આવા સમયે માનવતા સાથે સમાજ ના જરૂરિયાત મંદ લોકો માટે સવોદય યુથ વેલફેર અને માગલય ફાઉન્ડેશન દ્વારા ફૂડ પેકેટ તૈયાર કરી વિવિધ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું...........



આવો કોઈની મદદ કરીએ ગ્રુપ ધ્વારા ૨૮૦૦ ઊપર ગરીબ પરીવારો ને કરીયાણા-કીટ પહોંચાડવામાં આવી...હિંમતનગર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહજી ચાવડા ના સહયોગ થી ભૃગુવેન્દ્રસિંહજી કુંપાવત અને એમની ટીમ સાથે પોતાના પરીવાર ની ચીંતા કર્યા વગર સેવા કરી રહેલ પોલીસમીત્રો ને હેન્ડ ગ્લોસ અને માસ્કનુ વિતરણ કર્યુ , રાજેસ્થાન પગપાળા નીકળેલા શ્રમીકો માટે ગ્લોઝ-માસ્ક અને કરીયાણા કીટનુ વીતરણ, તેમજ દહાડી કરી ને ગુજરાન ચલાવતા પરીવારો ને કરીયાણા-કીટ આપી...આપના આસ-પાસ ના વિષ્તાર મા કોઈને મદદ ની જરુર હોય તો ૯૮૯૮૬૦૭૦૭૦ પર ડીટેઈલ વોટ્સઅપ કરશો...

## કોરોના વાયરસ અંતઃર્ગત

# દહેગામ શહેર ખાતે ઝુંપડપટ્ટી વિસ્તારો માં માનવસેવા કાર્યક્રમ યોજાયો



સમગ્ર દુનિયામાં કોરોના વાયરસે આંતક ફેલાવી લીધો છે .તેવી પરિસ્થિતિમાં સમગ્ર દુનિયામાં વેપાર ઉદ્યોગો તેમજ નાના મોટા ધંધા રોજગાર સાથે સંકળાયેલા નાના મોટા વેપારી મિત્રો ના ધંધા રોજગાર ઘણા સમયથી બંધ હોવાના કારણે છૂટક મજૂરી કરનારા મજૂરોને મજૂરીકામ ન મળતા તેઓને પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા માટે ખુબ જ તકલીફનો સામનો કરવો પડતો હોય છે .આવી પરિસ્થિતિમાં અનેક સેવાકીય સંસ્થાઓ , ટ્રસ્ટો, તેમજ નાગરિકો દ્વારા માનવસેવા કરવાના કાર્યો સતત ચાલુ હોય છે .આવી પરિસ્થિતિમાં આમ આદમી પાર્ટી દહેગામ તાલુકા પ્રમુખ મનોજ બ્રહ્મભટ્ટે દહેગામ ખાતે સેવા કાર્યનું આયોજન કર્યુ હતું. જેમાં દહેગામ શહેર ખાતે વિવિધ વિસ્તારો ની ઝૂંપડપટ્ટીમાં રહેતા મજૂરોને તેમજ તેમના પરિવારજનોને આજરોજ ગરમા ગરમ ટેસ્ટી પુલાવ નો નાસ્તો આપવામાં આવ્યો હતો.આ સેવાકાયઁ ના દાતા શ્રી રોહિતભાઇ પટેલ( સરપંચશ્રી,જલુન્દ્રા મોટા ) હતા.

આમ આદમી પાર્ટી દહેગામ તાલુકા પ્રમુખ મનોજ બ્રહ્મભટ્ટે આ સેવાકીય પ્રવૃતિ નુ આયોજન કયુઁ હતુ.પૂમાન રાવલ(આમ.આદમી. પાર્ટી દહેગામ.તાલુકા.(ઉપ.પ્રમુખ)હરિસિંહ રાઠોડ(આમ આદમી પાર્ટી દહેગામ શહેર પ્રમુખ) હિરાભાઇ અજમેરા (દહેગામ શહેર ઉપ.પ્રમુખ) ના સાથ સહકાર થી આ કાયઁક્રમ ને સફળ બનાવ્યો હતો.

આ માનવસેવા કાયઁ માં સહભાગી થવા બદલ રોહિતભાઇ પટેલ તેમજ તેમના પરીવાર જનોનો અને આમ આદમી પાર્ટી ના કાયઁકતાઁઓ નો મનોજ બ્રહ્મભટ્ટે આભાર.....?? વ્યકત કર્યો હતો.

## પરિવર્તન યુવા ફાઉન્ડેશન દ્વારા

# ૨૧ દિવસ સુધી દરરોજ ૫૦૦૦ માણસો ને ભોજન આપવાનો આનોખો સેવા યજ્ઞ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વિશ્વ સામે આવેલી કુદરતી આફત સામે સમગ્ર ભારત એકજૂટ થયું છે ત્યારે આવી વિકટ પરસ્થિતિઓમાં લોકો ને ભોજન મળી રહે તેવા શુભ હેતુ થી દરરોજ લોકો ને પાલનપુર માં જમવાનું આપવાનો અનોખો સેવા યજ્ઞ ઉપાડ્યો છે લોકો ની આવી પરિસ્થિતિમાં બે ટાઈમ જમવાનું મળી રહે એ જરૂરી છે પાલનપુર ની સેવાભાવી સંસ્થા પરિવર્તન યુવા ફાઉન્ડેશન દ્વારા આવો અનોખો સેવા યજ્ઞ ખૂબ જ પ્રસંશારૂપ થઈ રહ્યો છે સેવાભાવી યુવાનો મનોજ ઉપાધ્યાય(પરિવર્તન),રવિ સોની(પરિવાર ક્લાસિસ), દિવાકર જોશી, અશોક પટેલ (પટેલ મોબાઇલ) પ્રતિક જોશી(રાધે હોટલ) અશોક પુરોહિત સહિત ના યુવાનો એ આ બીડું જડપ્યું છે પરિવર્તન ગ્રુપ ના ચેરમેન મનોજ ઉપાધ્યાય એ જણાવ્યું હતું કે અમે સરકાર ની મદદ વગર સરકાર સાથે રહી ને અમે ૨૧ દિવસ સુધી ભોજન આપીશું આપ ની આસપાસ કોઈ ભૂખ્યું હોય તો અમને જાણ કરજો અમે ત્યાં ભોજન પહોંચાડશું અમારા નંબર મનોજ ઉપાધ્યાય ૯૪૨૯૭૧૭૨૫૯, રવી સોની ૯૦૬૭૦ ૧૪૭૯૮, દિવાકર જોશી ૯૦૩૩૧૩૫૩૯૩, અશોક પટેલ૯૭૧૪૩૩૨૫૦૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# છેલ્લા ૧ ૨ કલાકમાં ગુજરાતમાં કોરોનાનો એક પણ નવો કેસ નહીં : ડૉ.જયંતિ રવિ

છેલ્લા ૧૨ કલાક દરમ્યાન ગુજરાતમાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. ગઈકાલે ૧૧ વ્યક્તિઓના નમુના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જે તમામ નેગેટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિએ આજે સવારે કોરોના અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોરોનાને કારણે જે ત્રણ વ્યક્તિઓના કમનસીબ મૃત્યુ નિપજ્યાં છે એ ત્રણેય દર્દીઓ કૉ-મોર્બીડ એટલે કે અન્ય ગંભીર બીમારીઓ જેવી કે કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર કે અન્ય રોગોથી પીડાતી હતી. એટલું જ નહીં એ ત્રણેય દર્દીઓ મોટી વયના હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આપણા ઘરોમાં વૃદ્ધો- વડીલો હોય તેમણે વિશેષ કાળજી લેવાની આવશ્યકતા છે. ઘરમાં પણ આ વડીલો ક્વૉરેન્ટાઈનમાં રહે એ વિશેષ આવકાર્ય છે.ડો. શ્રીમતી જયંતી રવિ એ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે કોરોનાના ૪૪ પોઝિટિવ દર્દીઓ છે. જે પૈકી અમદાવાદમાં ૧૫, સુરતમાં ૭, રાજકોટમાં ૫, વડોદરામાં ૮, ગાંધીનગરમાં ૭ અને ભાવનગર તથા કચ્છમાં એક-એક પોઝિટિવ દર્દીઓ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ૪૪ પોઝિટિવ દર્દીઓ પૈકી ના ૩૬ દર્દીઓ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરીને આવેલા છે, જ્યારે અન્ય ૧૮ દર્દીઓ પૈકીના ૧૬ દર્દીઓ એવા છે જે આ આંતરરાષ્ટ્રીય મુસાફરોના સીધા સંપર્કમાં આવ્યા હોય. બે દર્દીઓ એવા છે જેમણે આંતરરાજ્ય મુસાફરી કરી હતી. આ વ્યક્તિઓ સાથે સીધા સંપર્કમાં આવેલા તમામ લોકોની પણ કાળજી લેવામાં આવી રહી છે. આવા લોકો એટલે કે ક્વૉરેન્ટાઈન વ્યક્તિઓને ૧૪ દિવસના ક્વૉરેન્ટાઈન માં રાખવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ચુસ્તપણે ક્વૉરેન્ટાઈનનું કડક પાલન થાય તેવા પ્રયત્નો કરે છે. ગુજરાતમાં ૨૦,૧૦૩ લોકોને ૧૪ દિવસના ક્વૉરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે. આ પૈકીના ૫૭૫ લોકો સરકારી ક્વૉરેન્ટાઈનમાં અને ૧૯,૩૭૭ લોકો હૉમ ક્વૉરેન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે. અમુક લોકો હૉમ ક્વૉરેન્ટાઈનનો ભંગ કરે છે એવા ૨૩૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. લોકો નિયમોનું ઉલ્લંઘન ન કરે તો આપણે કોરોનાના દર્દીઓની સંખ્યા ઓછી રાખવામાં સફળ રહી શકીશું, અને કોરોનાનો ચેપ ફેલાતો અટકાવી શકીશું.ડો. શ્રીમતી જયંતી રવિ એ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજ્યમાં દસ હજારથી વધારે ફિમેલ હેલ્થ વર્કરો ડોર ટુ ડોર સર્વે કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૩ કરોડ, ૫૦ લાખ, ૬૯, ૯૨૬ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ગુજરાતની અડધાથી વધારે વસ્તીનો સર્વે કરીને લોકોના આરોગ્યની સાચી ચિંતા કરી છે. આ સર્વે દરમિયાન જાણવા મળ્યું છે કે, ૩૭,૮૮૫ વ્યક્તિઓએ આંતરરાજ્ય પ્રવાસો કર્યા છે, અને ૮,૨૬૫ જેટલી વ્યક્તિઓએ વિદેશ પ્રવાસ કર્યો છે. અત્યાર સુધીમાં ૧૧૮ જેટલી વ્યક્તિઓને રોગના ચિન્હો જણાતા તેમને સર્વેલન્સમાં મુકવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાતમાં વેન્ટિલેટર અને જરૂરી દવાઓ તથા માસ્કનુનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે. તેમણે લોકોને પૂરતો સહયોગ આપવા અને આરોગ્યની સંભાળ રાખતા જે કર્મચારીઓ ડોક્ટરો ફરજ બજાવે છે તેમને પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો.

# વલસાડ જિલ્લામાં ૧૧૧૨ આરોગ્ય ટીમ દ્વારા ૧૪,૭૩,૮૧૫ વ્યકિતઓનો સર્વે કરાયો

વલસાડ બ્યુરો : અજીત પટેલ

તાજેતરની નોવેલ કોરોના વાયરસ(COVID-2019) વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા વલસાડ જિલ્લામાં જિલ્લા કલેકટર શ્રી સી.આર.ખરસાણના માર્ગદર્શન હેઠળ જિલ?લા આરોગ?ય વિભાગ જિલ્લા પંચાયત વલસાડ દ્વારા ગ્રામ?ય વિસ?તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેક્ષણ એટલે કે ઘરોની મુલાકાત અને આરોગ?યલક્ષી તપાસ શરૂ કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગરની રાહબરી હેઠળ ૧૧૧૨ આરોગ?ય ટીમ દ્વારા સર્વેની કામગીરી ચાલી રહી છે. જિલ્લાની ૧૮,૯૦,૦૦૦ વસ?તી પૈકી ૧૪,૭૩,૮૧૫ વ?યકિતઓના સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે દરમિયાન ત્રણ symptomatic દર્દી મળી આવ?યા હતા. જેમને મેડીકલ ઓફિસર દ્વારા તપાસ કરાતા કોઈ શંકાસ?પદ જણાયેલ નથી જેમને સ?થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. અત?યાર સુધીમાં કુલ ૪૪૦ વ?યકિતઓને હોમ કોરોન?ટાઇન કરેલ છે. જે પૈકી હોમ કોરોન?ટાઇનનો ભંગ કરવા બદલ કુલ ચાર વ?યકિતઓને સરકારશ્રી દ્વારા ઉભી કરાયેલ કોરેન?ટાલન ફેસિલીટીમાં દાખલ કરેલ છે.આરોગ?ય વિભાગ દ્વારા અત?યાર સુધીમાં અંદાનિત ૨૯૦૦ જેટલા ખલાસીઓની મેડીકલ તપાસ કરવામાં આવી છે. જેમાંથી એક પણ શંકાસ?પદ દર્દી મળેલ નથી. ૧૦૪ ની સેવા દ્વારા ૧૬૨ વ?યકિતઓને ફોન દ્વારા પૂછવામાં આવતા તમામની તપાસ કરવામાં આવી છે. પરંતુ કોલ લક્ષણો જોવા મળયા નથી. જિલ્લામાં કુલ ૨૯ શંકાસ?પદ વ?યકિતઓના સેમ?પલ મોકલવામાં આવ?યા હતા. જેમાંથી ૨૮ વ?યકિતઓના સેમ?પલ નેગેટીવ આવેલ છે. જયારે એક સેમ?પલનું પરિણામ બાકી છે.

જિલ્લાની સમગ્ર આરોગ?ય ટીમ ઉપર મુખ?ય જિલ્લા આરોગ?ય અધિકારી ડૉ. અનિલ પટેલ અને એપેડેમિક મેડીકલ ઓફિસર ડૉ. મનોજ પટેલ સતત મોનીટોરીગ કરી રહયા છે. જિલ્લાની આરોગ?ય વિભાગના તમામ ડૉકટરશ્રીઓ, મેડીકલ સ?ટાફ, નર્સ સ?ટાફ તનતોડ મહેનત કરી રહયા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.